RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 183* Date: 01.05.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### માત્ર એક મહિનામાં દેશમાં ૪૫ હજારથી વધુના મોત,

# બેકાબુ કોરોના, એક જ દિવસમાં ૩.૮૭ લાખ નવા કેસ, ૩૫૦૧ના મોત



ન્યુ દિલ્હી,તા.૩૦

ભારતમાં કોરોના સંક્રમણનો કહેર રોકાવવાનું નામ નથી લેતું. માત્ર એક મહિનાની અંદર ૪૫ હજારથી વધુ કોરોના સંક્રમિતોએ જીવ ગુમાવ્યાં છે. હજું પણ આ કહેર રોકાવવાનું નામ નથી લેતી. કોરોનાના સંક્રમિતથી રોજ ત્રણ હજારથી વધુ લોકોના મૃત્યુ થઈ રહ્યાં છે. ગુરૂવારેને કોરોના વાયરસ સંક્રમણના તમામ રેકોર્ડ ૩૮૬,૮૮૮ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમણા કુલ કેસની સંખ્યા વધીને ૧,૮૭,૫૪,૯૮૪ થઈ ગઈ છે. ગત થોડા દિવસોથી સ્થિતિ ચિંતાજનક બનેલી છે. સરકાર કોરોના સામે મુકાબલો કરવા માટે વેક્સીનેશન પર ભાર મુકી રહી છે. પરંતુ રસીની અછતથી આ શકય બની શક્યું નથી.

કેંદ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટના અનુસાર દેશમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા ૩૦ લાખને પાર પહોંચી ગઈ છે. મોતના આંકડાની વાત કરીએ તો ગુરૂવારે ૩૫૦૧ લોકોના જીવ કોરોનાને લીધે ગયો છે. આ સાથે જ ઘાતક બિમારીના મૃતકોની સંખ્યા ૨,૦૮,૩૧૩ પહોંચી ગઈ છે. જોકે બુધવારે આંકડા સાથે તુલના કરીએ તો ગુરૂવારે થોડી જોવા મળી હતી. બુધવારે ૨૪ કલાક દરમિયાન ૩૬૪૭ લોકોના મોત થયા હતા અને ગુરૂવારે આ આંકડો ઘટીને ૩૫૦૧ પર પહોંચી ગયો.

### કેંદ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઇટના અનુસાર દેશમાં સારવાર લઇ રહેલા દર્દીઓની સંખ્યા ૩૦ લાખને પાર પહોંચી ગઇ

દેશમાં સારવાર લઈને રહેલા દર્દીઓની સંખ્યા ૩૧,૬૪,૮૨૫ થઈ ગઈ છે જે સંક્રમણના કુલ કેસના ૧૬.૭૯ ટકા છે. જ્યારે કોવિડ ૧૯ થી સ્વસ્થ્ય થનાર રાષ્ટ્રી દર ઘટીને ૮૨.૧૦ ટકા પર પહોંચી ગયો છે. તો બીજી તરફ સંક્રમણથી થનાર મોતનો દર ઘટીને ૧.૧૧ ટકા થઈ ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના દર્દીઓની સંખ્યા ગત વર્ષે ઓગસ્ટના ૨૦ લાખ પાર કરી ગઈ હતી અને ત્યારબાદ આ આંકડો સતત વધી રહ્યો છે.

દેશમાં નોધાઈ રહેલા નવા કેસમાં સૌથી વધુ કેસ ૭૭૧ મોત મહારાષ્ટ્રમાં થયા, ત્યારબાદ દિલ્હીમાં ૩૯૫, છત્તીસગઢમાં ૨૫૧, ઉત્તર પ્રદેશમા૬ ૨૯૫, કર્ણાટકમાં ૨૭૦, ગુજરાતમાં ૧૮૦, ઝારખંડમાં ૧૪૫, પંજાબમાં ૧૩૭, રાજસ્થાનમાં ૧૫૮, ઉત્તરાખંડમાં ૮૫ અને મધ્ય પ્રદેશમાં ૯૫ લોકોના મોત થયા છે. દેશમાં અત્યાર સુધી કુલ ૨,૦૮,૩૧૩ મોતમાંથી ૬૭,૯૮૫ મહારાષ્ટ્રમાં, ૧૫૭૭૨ દિલ્હીમાં, ૧૫,૩૦૬ કર્ણાટકમાં, ૧૩,૯૩૩ તમિલનાડુમાં, ૧૨,૨૩૮ ઉત્તર પ્રદેશમાં, ૧૧,૨૪૮ પશ્ચિમ બંગાળમાં, ૮૯૦૯ પંજાબમાં અને ૮૩,૧૨ લોકોના છત્તીસગઢમાં મોત થયા છે.

### રાજ્યો પાસે વેક્સિનના પણ ફાંફા, તૈયારી વગર જ જાહેર કરવામાં આવ્યું

# આજથી ૧૮+વાળાઓ માટે રસીકરણ અભિયાન, પણ વેક્સિન ક્યાં,,,,?

*ન્યુ દિલ્હી,તા.૩૦*

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેરે તબાહી મચાવી દીધી છે. દિલ્હી હોય અથવા મહારાષ્ટ્ર, અથવા પછી ઉત્તર પ્રદેશ કે પશ્ચિમ બંગાળ, ચારેય બાજુ હાહાકાર મચ્યો છે. હૉસ્પિટલોમાં બેડ્સની તંગી છે, લોકોને ઑક્સિજન નથી મળી રહ્યું અને કોરોનાના કેસ વધી રહ્યા છે. આ દરમિયાન સરકારે ૧ મેથી ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના તમામ લોકો માટે વેક્સિનેશન શરૂ કરવાની જાહેરાત કરી, ત્યારબાદ રજિસ્ટ્રેશન શરૂ પણ થઈ ગયું છે, પરંતુ દેશમાં અત્યારે તમામ સુવિધાઓની સાથે સાથે વેક્સિનની પણ તંગી છે, આવામાં અનેક રાજ્ય ૧ મેથી વેક્સિનેશન શરૂ કરવાની ના કહી ચુક્યા છે.

આવામાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે જો દેશમાં વેક્સિન ઉપલબ્ધ નથી, રાજ્યોની પાસે કોઈ સ્ટોક નથી, તો શું કોઈ પણ તૈયારી વગર ૧ મેથી તમામ માટે વેક્સિનેશનનો પ્રોગ્રામ જાહેર કરી દેવામાં આવ્યો હતો? દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિત અનેક રાજ્યોએ ૧ મેથી વેક્સિનેશનનું નવું અભિયાન શરૂ કરવામાં અસમર્થતા વ્યક્ત કરી છે. ફક્ત વિરોધી દળોના રાજ્યો જ નહીં, પરંતુ ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યોએ પણ આવું જ કર્યું છે.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગત દિવસે જાહેર કર્યું કે, ૧ મેથી ૧૮+ વાળાઓ માટે વેક્સિન નહીં લાગે, કેમકે વેક્સિનનો જે ઑર્ડર કર્યો છે તે હજુ સુધી નથી પહોંચી. જો કે રાજયમાં ૪૫ વર્ષથી વધારે ઉંમરવાળા લોકો માટે વેક્સિનેશનનો જે પ્રોગ્રામ ચાલી રહ્યો છે તે ચાલું જ રહેશે. રાજસ્થાન સરકારે પણ વેક્સિનની તંગીના કારણે ૧૫ મેથી વેક્સિનેશન ઓપન કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી રઘુ શર્માના જણાવ્યા પ્રમાણે, તેમના રાજયને લગભગ ૭ કરોડ વેક્સિનની જરૂર છે, ૩.૭૫ કરોડ વેક્સિનના ઑર્ડર આપવામાં આવી ચુક્યા છે, પરંતુ સીરમ ઈન્સ્ટિટ્યુટનું કહેવું છે કે ૧૫ મે સુધી જ વેક્સિનનો સપ્લાય થઈ શકશે.

મહારાષ્ટ્ર સરકારે ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે વેક્સિન મફત આપવાની જાહેરાત કરી છે, પરંતુ અત્યારે વેક્સિન નહીં લગાવવામાં આવી રહી છે. મહારાષ્ટ્રનું કહેવું છે કે તેમણે વેક્સિનનો ઑર્ડર આપ્યો છે, પરંતુ સપ્લાય નથી થયો. મહારાષ્ટ્રની સ્થિતિ એ છે કે ૪૫ વર્ષથી વધારે ઉંમરના લોકો માટે વેક્સિન નથી મળી રહી. આવામાં મુંબઈમાં ત્રણ દિવસ માટે વેક્સિનેશન સંપૂર્ણ રીતે રોકી દેવામાં આવ્યું છે.

### દવાઓનું ઉત્પાદન અને વિતરણ સુનિશ્ચિત શા માટે નથી થઈ રહ્યું, દિલ્હી-ગુજરાત-મહારાષ્ટ્રમાં ઓક્સીજન જ નથી : સુપ્રીમ

# સુપ્રીમ કોર્ટનો મોદી સરકારને સીધો સવાલ, '૧૦૦% વેકસીન કેમ નથી ખરીદતા?

### સોશ્યલ મીડિયા પર કોરોના - બેડ - ઓકસીજનની ફરિયાદ ખોટી નથી : આવી પોસ્ટ પર કોઈ કાર્યવાહી ન થાય : ફરિયાદ નોંધાશે તો કોર્ટનો અનાદર ગણાશે



*ન્યુ દિલ્હી,તા.૩૦*

સુપ્રીમ કોર્ટમાં કોરોના કેસ પર ચાલી રહેલી સુનાવણી દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકારનો બરાબરનો ઉધડો લીધો હતો, સુપ્રીમ કોર્ટે કેન્દ્રને અણિયાળો સવાલ કર્યો હતો કે, જરૂરી દવાઓનું ઉત્પાદન અને વિતરણ સુનિશ્ચિત કેમ નથી થઈ રહ્યું? કેન્દ્રએ સોગંધનામામાં જણાવ્યું હતું કે, દર મહિને સરેરાશ એક કરોડ ત્રણ લાખ લાખ રેમડેસિવિર ઉત્પાદન કરવાની ક્ષમતા છે પરંતુ સરકારે માંગ અને સપલાઈની જાણકારી નથી આપી. સુપ્રીમ કોર્ટે ઓક્સીજન, દવાઓ અને બેડને લઈને સોશિયલ મીડિયા પર જાણકારી આપનારા વિરૂદ્ધ કોઈ જ કાર્યવાહી ના કરવાના પણ આદેશ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે બરાબરનો ઉધડો લેતા કહ્યું હતું કે, કેન્દ્રએ દવા સહિતની સામગ્રીની વહેંચણીની કોઈ ચોક્કર રીત પણ નથી જણાવી. કેન્દ્રએ ડોક્ટરોને જ કહેવું જોઈએ કે તે રેમડેસિવિર કે ફેલિફલ્યૂના બદલે અન્ય જરૂરી દવાઓ વિષે દર્દીઓને જણાવે. સુપ્રીમે એમ પણ જણાવ્યું હતું કે, મીડિયા એહવાલ દર્શાવે છે કે, ઈઁઝઈથી કોરોનાના નવા સ્વરૂપની ઓળખ ઓળખ નથી થઈ રહી. તેમાં પણ અનુસંધાનની જરૂર છે.

સાથે જ સુપ્રીમ કોર્ટે કેન્દ્રને સવાલ કર્યો છે કે, ૧૮ થી ૪૫ વર્ષની ઉંમરવાળાઓને વેક્સીન લગાવવાની યોજના યોજનાને લઈને જાણકારી આપો. શું કેન્દ્ર પાસે કોઈ યોજના નથી કે વેક્સીનના ભાવ લોકો સામે મુકી શકાય? સાથે જ સુપ્રીમે કેન્દ્રને આદેશ કર્યો છે કે, તેણે એ પણ જણાવવુ પડશે કે તેણે ભારત બાયોટેક અને સીરમ ઈન્સ્ટિટ્યૂટને કેટલુ ફંડ આપ્યું છે.

જસ્ટિસ ડીવાય ચંન્દ્રચૂડે કહ્યું હતું કે, અમે નાગરિકોને ઓકસીજન સિલેંડર માટે રડતા જોયા છે. દિલ્હીમાં સાચે જ ઓકસીજન નથી મળી રહ્યો. ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ કંઈક આવી જ સ્થિતિ છે. કેન્દ્રએ આવનાર સમયમાં આમને એ પણ જણાવવાનું રહેશે કે સુનાવણીના બીજા જ દિવસે શું સુધાર થયો.

સાથે જ સુપ્રીમ કોર્ટે એવો પણ આદેશ આપ્યો હતો કે, સોશિયલ મીડિયા પર ઓક્સીજન, બેડ, દવાઓ વગેરે પર પોસ્ટ કરનારાઓ વિરૂદ્ધ કાર્યવાહી નહીં થાય. કોઈ પણ સરકાર કોઈ પણ નાગરિક દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી જાણકારી વિરૂદ્ધ કાર્યવાહી નહીં કરી શકે. જો આ પ્રકારે કોઈના પણ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી તો તે કોર્ટની અવમાનના ગણવામાં આવશે. આમ કરવા પર કોર્ટ દ્વારા આકરા પગલા ભરવામાં આવશે.

## વીમા કંપનીઓ કોવિડ કેસમાં ૧ કલાકની અંદર કેશલેસ ક્લેમનો નિકાલ લાવેઃ ઈરડાઈ

ન્યુ દિલ્હી,તા.૩૦

ભારતીય વીમા નિયામક અને વિકાસ પ્રાધિકરણએ કોવિડ-૧૯ સાથે સંબંધિત કોઈ પણ હેલ્થ ઈન્સ્યોરન્સ ક્લેમનો ૬૦ મિનિટ એટલે કે ૧ કલાકની અંદર નિકાલ લાવવા સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે. દિલ્હી હાઈકોર્ટે ગુરૂવારે આ મામલે એક આદેશ આપ્યો હતો અને ત્યાર બાદ ઈરડાઈએ આ નિર્દેશ આપ્યો છે.

દિલ્હી હાઈકોર્ટે આદેશ આપ્યો હતો કે, ઈરડાઈ વીમા કંપનીઓને કેશલેસ ક્લેમનો તાત્કાલિક નિકાલ લાવવા નિર્દેશ આપે. ઈરડાઈએ તમામ વીમા કંપનીઓને કહ્યું છે કે, તેઓ આ અંગે તમામ સંબંધિત પક્ષોને જાણકારી આપી દે કે, કોવિડનો દર્દી હોસ્પિટલમાં દાખલ થાય અને તમામ જરૂરી દસ્તાવેજો જમા કરાવી દે તેની એક કલાકની અંદર કેશલેસ ક્લેમનો ઉકેલ આવવો જોઈએ.

આ કારણે કોરોનાના તમામ દર્દીઓને રાહત મળશે અને હોસ્પિટલોમાં બેડની સમસ્યા દૂર કરવામાં પણ મદદ મળશે કારણ કે, દર્દીઓને ડિસ્ચાર્જ કરવા અને નવા દર્દીઓને દાખલ કરવાનું પણ સરળ બનશે. ઈરડાઈના કહેવા પ્રમાણે હાઈકોર્ટે નિર્દેશ આપ્યો છે કે, કોવિડ-૧૯ના કેશલેસ ક્લેમ ૩૦થી ૬૦ મિનિટની અંદર મંજૂર કરવામાં આવે જેથી દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં મોડું ન થાય અને હોસ્પિટલમાં બેડ ખાલી થતા રહે. અગાઉ ઈરડાઈએ નિર્દેશ આપ્યો હતો કે, ૨ કલાકની અંદર કેશલેસ ક્લેમનો નિકાલ લાવવામાં આવે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ૧૪૬૦૫**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૫૬૭૭૭૭**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૧૭૩**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૧૦૧૮૦**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૪૧૮૫૪૮**

## હજુ અમારી પાસે નથી પહોંચી વેક્સિન, લોકોને લાઇનમાં ન લાગેઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી,તા.૩૦

દેશમાં કોરોનાવાયરસનો કેર આજે પણ યથાવત છે. આજે પણ કોરોનાનાં નવા કેસ સાડા ત્રણ લાખથી વધારે નોંધાયા છે. વળી મોતનો આંકડો છેલ્લા ૨૪ કલાકમાં ૩ હજારથી ઉપર નોંધાયો છે. ત્યારે આ સ્થિતિમાં વેક્સિનેશન પર દેશનાં મોટાભાગનાં રાજ્યો ભાર આપી રહ્યા છે. પણ સવાલ ઉભો થાય છે કે, શું દેશનાં દરેક રાજ્યોનાં લોકોને વેક્સિન આપી શકાય તેટલી માત્રામાં તે ઉપલબ્ધ છે ખરા? દિલ્હીનાં ઝસ નાં નિવેદન બાદ આ મુદ્દો ચર્ચામાં આવ્યો છે. આપને જણાવી દઈએ કે, કોરોનાને રોકવા માટે રસીકરણનાં આગામી તબક્કાની શરૂઆત ૧ મે થી થવાની છે. આમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરનાં લોકોને રસી આપવામાં આવશે. દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ઘણા લોકોએ દિલ્હીમાં રસી માટે નોંધણી કરાવી છે, પરંતુ હજી સુધી આ રસી અમારા સુધી પહોંચી નથી. આશા છે કે, રસી આવતી કાલે અથવા બીજા દિવસે આવશે. કોવિશિલ્ડ રસી પ્રથમ આવી રહી છે. તેમણે લોકોને અપીલ કરી કે, ૧ મે થી રસી માટે લાઇનમાં ન ઉભા રહે. દિલ્હીને રસી પુરવઠો મળશે ત્યારે લોકોને તેના વિશે માહિતી આપવામાં આવશે. દિલ્હી મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું કે, દિલ્હી સરકારે સીરમ ઈન્સ્ટિટ્યૂટ અને ભારત બાયોટેકને ૬૭-૬૭ લાખ રસીનો ઓર્ડર આપ્યો છે. આ રસી ત્રણ મહિનામાં આપવાનું કહેવામાં આવ્યું છે. કેજરીવાલે કહ્યું કે, અમે આ કંપનીઓ પાસેથી શિડ્યુલ માંગ્યું છે કે તેઓ ક્યારે સપ્લાય કરી શકે છે. અમારો પ્રયાસ આગામી ૩ મહિનામાં સમગ્ર દિલ્હીનાં લોકોને રસી આપવાનો છે. તેમણે કહ્યું કે, જેની નોંધણી હશે એપોઈન્ટમેન્ટ હશે તે લોકો આવે. દરેકને રસી મળશે પરંતુ દરેકનાં સહકારની જરૂર છે. અમે સંપૂર્ણ પ્રયાસ કરીશું અને અમે અમારું સંપૂર્ણ આયોજન કર્યું છે, માળખાકીય સુવિધા પણ તૈયાર કરી છે, પરંતુ બંને કંપનીઓ અમને રસી ક્યાં સુધી આપશે તેના પર નિર્ભર રહેશે.

કેજરીવાલે કહ્યું કે, જો રસી પૂરતા પ્રમાણમાં પૂરી પાડવામાં આવે તો આગામી ૩ મહિનામાં દરેકને રસી આપવામાં આવશે. તેમણે કહ્યું કે, દરેકને રસી લેવી જોઈએ, રસી સંપૂર્ણ સલામત છે. નોંધપાત્ર વાત એ છે કે ગુરુવારે રાષ્ટ્રીય રાજધાનીમાં કોરોના વાયરસનાં સંક્રમણનાં ૨૪,૨૩૫ નવા કેસ નોંધાયા છે, દિલ્હીમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૧૧,૨૨,૨૮૬ થઈ ગઈ છે. શહેરમાં સંક્રમણનો દર ૩૨.૮૨ નોંધાયો છે. આરોગ્ય વિભાગનાં બુલેટિનનાં જણાવ્યા અનુસાર, કોવિડ-૧૯ નાં ૩૯૫ દર્દીઓ ગુરુવારે દિલ્હીમાં મૃત્યુ પામ્યા હતા, જે ગયા વર્ષે રોગચાળો શરૂ થયા પછીનો સૌથી વધુ આંક છે. આ જીવલેણ વાયરસનાં કારણે શહેરમાં અત્યાર સુધીમાં ૧૫,૭૭૨ લોકોએ જીવ ગુમાવ્યો છે.

## તંત્રી સ્થાનેથી...

# ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ પ્રજાજનોથી દૂર કેમ ભાગે છે.....?

દેશમાં કોરોના બેકાબૂ બની ગયો છે માત્ર એક દિવસમાં ૩.૭૯ લાખથી વધુ નવા કેસો નોંધાવા સાથે ૩,૬૪૫ ના મૃત્યુ નોંધાયા છે. કેન્દ્ર સરકાર રસીકરણ કરવા તરફ વિશેષ ધ્યાન આપી રહી છે. પરંતુ ખરેખર રસીકરણ માટે જે ઝડપ હોવી જોઈએ તે ઝડપ છે ખરી....? કારણ ગુજરાતમાં શહેરના રસીકરણ સેન્ટરો પર એકસો વ્યક્તિનુ રસીકરણ કરવામાં આવી રહ્યું છે. રસીકરણ સેન્ટર પર લાંબી લાઈન લાગે છે. તો રસી ખલાસ થઈ ગઈ છે તેવું કહેતા અનેકોને પરત ફરવું પડે છે.જ્યારે કે હાલના સમયમાં ખાસ અગત્યની સેવા ૧૦૮ બાબતે સંકલનનો અભાવ છે. હોસ્પિટલો કોરોના સંક્રમિત દર્દીઓથી હાઉસફુલ છે. જે કારણે બહાર લાઈનો લાગેલી રહે છે, તો ઓક્સિજનની અછતને કારણે અનેક લોકોના મોત થઇ રહ્યા છે. બીજી તરફ રેમડેસિવીરની અછત પણ યથાવત છે.... જ્યારે કોર્ટે કહ્યું હતું કે દેશમાં રાષ્ટ્રીય કટોકટીની સ્થિતિ બની ગઈ છે. જે હેલ્થ ક્ષેત્ર બાબતે કોર્ટે કહ્યું હતું. અને આ એક સત્ય હકીકત છે.... કારણ કે દેશની હોસ્પિટલોમાં ડોક્ટરો,નર્સો, મેડિકલ સ્ટાફની ભારે અછત છે. એ કારણે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભાંગી પડ્યું છે જેથી સરકારને લશ્કરના મેડિકલ સ્ટાફને સારવાર માટે મેદાનમાં ઉતારવા ફરજ પડી છે. દેશમાં કોરોના મહામારીને કારણે પ્રજા બેહદ ત્રસ્ત થતા લોકોમાં આક્રોશ ફરી વળ્યો છે. અનેકોએ પોતાના સ્વજન કે નજીકના લોકોને કોરોના ને કારણે મોતના મુખમાં હોમાતા જોયા છે કે અનુભવ્યા છે જે કારણે મોદી સરકાર, ભાજપ સરકારો સામે લોકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.....! તદુપરાંત સરકાર દ્વારા વિવિધ રાહતોની જાહેરાતો થયા કરે છે જેમાં સમરસ કે કોવિડ હોસ્પિટલો કે સેન્ટરો ખોલવાની વ્યવસ્થા કરી હોવાની,અનુભવી રહ્યા છે કે રેમડેસિવીર પુરતા પ્રમાણમા હોવાના નિવેદનો થતા રહે છે....પરંતુ લોકો ખૂદ અનુભવી રહ્યા છે કે આમાંનું કશુસરળતાથી નથી મળતું...સ્મશાન ગૃહો પર પણ એજ હાલત છે... ખુદ ભાજપના સ્થાનિક નેતાઓ તેનો ભોગ બની રહ્યા છે.. અને સ્મશાને પહોંચી ગયા છે. જેના કારણે લોકો સમજી ગયા છે કે મોદી સરકાર જે તે રાજ્યની ભાજપ સરકારો વાતોના વડા કરવામાથી બહારજ નથી આવતી....! તો ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પ્રજા વચ્ચે જતા નથી કે જ્યારે પ્રજાને હુંફ-આશ્વાસન આપવાની જરૂર છે..... અને નથી તેની પાછળનું કારણ છે પ્રજા ઓળખે છે કે લોકોમાં જે પ્રકારે આક્રોશ ભભુકી ઉઠ્યો છે તેનો ડર.... કદાચ લોકો સવાલોની રીમાન્ડ પર લેતો.....?!

ઉત્તર પ્રદેશ હાઈકોર્ટે કોરોના મહામારીના વધી રહેલા કેસોના કારણે યુપીના ચાર શહેરમાં મીની lockdown જાહેર કરવા દિશા નિર્દેશ કર્યા...પરંતુ આ તો યોગીજી... હાઇકોર્ટનુ સાંભળે કોણ....? કારણકે યુપીમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીઓ.... કોરોના કેસ વધી રહ્યા છે છતાં પણ યોગીજી કોઈ એક્શન લેતા નથી....! બીજી તરફ ઓક્સિજનની અછતને કારણે મળતા મૃતાક એ હદે વધી ગયો કે સ્મશાનગૃહો પર સમૂહમાં અગ્નિદાહ કરવાની નોબત આવી... અને લોકો આવું જોઈ ન જાય તે માટે ત્યાંની સરકાર પતરાની આડશો ઉભી કરાવી રહી છે. ત્યારે તાજેતરમાં હાઈ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું કે યુપી માટે ઓક્સિજનની વ્યવસ્થા કરો....આનો અર્થ શુ....? બીજી તરફ ગુજરાતના અમદાવાદ ખાતે સાબરમતી વિસ્તારમાં આવેલ કોમ્યુનિટી હોલ ખાતે સમરસ કોવિડ કેર સેન્ટર મ્યુ.કોર્પોરેશનના સહયોગથી ખોલવામાં આવ્યું ત્યાં ઉદ્ઘાટન દરમિયાન ધારાસભ્ય, કોર્પોરેટરોની શુભેચ્છકો તરીકે નામાવલી યાદી લગાવી દેવામાં આવી.... આને શું કહીશુ...?કારણ એક પણ ચૂંટાયેલા પ્રતિનિધિ સમરસ કોવિડ સેન્ટર ખાતે સેવામાં જોડાયા નથી...! જ્યારે બીજી તરફ રસીકરણ સેન્ટર પર માત્ર ૧૦૦ લોકોનેજ રસીકરણ માટેના ટોકન આપવામાં આવે છે...આનો અર્થ શુ..?જ્યારે કે દેશમાં મોદીજીના રાજીનામાની માંગ થઇ રહી છે તે પણ મોટા પ્રમાણમાં...ત્યારે ચૂંટાયેલા ભાજપાના પ્રતિનિધિઓએ આવા તાયફા ન કરતા લોકો વચ્ચે જવું જરૂરી છે...તમારા પ્રદેશ પ્રમુખ પણ કહે છે લોકોની વચ્ચે જાવ તેમને સાંભળો... અને પ્રજા પણ ઈચ્છી રહી છે.... તેમને પડી રહેલી તકલીફો દૂર કરવા પ્રયત્ન કરવા જોઈએ, બાકી આ તો તમારા જ મતદારો છે તેમનામાં આક્રોશ છે તેનુ કારણ તમે જ છો....! લોકોની સહન કરવાની પણ એક હદ હોય છે.... માટે પ્રજાને સમજવા પ્રયાસ કરો.... તેમાં જ સૌ કોઈની ભલાઈ છે.....! વંદે માતરમ્,

## રામનવમીના પાવન અવસરે...

# ભગવાન શ્રીરામચંદ્રના જીવનમાં પશુપક્ષીઓની ભૂમિકાઃ તેમનો અનન્ય પ્રેમ આપણને પશુપ્રેમ વિશે દરેક ક્ષણ કશુંક શીખવે છે

ગિરીશ જયંતીલાલ શાહ

શાસ્ત્રોમાં ભગવાન શ્રીરામચંદ્રના વ્યક્તિત્વનું વર્ણન માનવ અનુભૂતિઓ, આદર્શોના સર્વોચ્ચ સ્વામી તથા તથા સર્વગુણ સંપન્ન વ્યક્તિ તરીકે કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીરામ તરીકેના અવતારમાં તેઓની શક્તિઓ તથા પરાક્રમ ઉપરાંત તેમના આદર્શ જીવન થકી આપણને ઘણા બોધપાઠ શીખવા મળે છે. તેઓમાં દયા અને કરુણાનું જે ઊંડાણ જોવા મળે છે તે અદ્ભુત અને વંદનીય છે. આ કારણ જ છે કે રામકથામાં પશુપક્ષીઓની ભૂમિકા બધી રીતે સર્વશ્રેષ્ઠ છે. તેઓના વનવાસ દરમિયાન પશુપક્ષી તેમનાં સૌથી મોટાં મિત્રો રહ્યાં છે. પશુપક્ષીઓ સાથે તેઓ વાત પણ કરતા તથા તેમને એવું જ સન્માન આપતા જે તેઓ અન્ય સૌને આપતા હતા. આજે રામનવમીના અવસરે ભગવાન શ્રીરામના આ પ્રેરક મહિમાની ચર્ચા કરવી અત્યંત આવશ્યક છે.

**શ્રીરામ માનવીય અનુભૂતિઓ તથા ચેતનાનું પ્રતીક છે**

ધર્મ માનવતાનો વિસ્તાર કરે છે. માત્ર મનુષ્ય નહીં, પશુપક્ષી પણ તેની કરુણામાં આશરે મેળવે છે. ભારતીય સંસ્કૃતિમાં પશુપક્ષીઓ પ્રત્યે પ્રેમ, સહઅસ્તિત્વ અને ત્યાં સુધી કે તેમની પૂજા કરવાની પરંપરા પણ છે. રામકથામાં આ વિશે ખૂબ સુંદર વર્ણનો જોવા મળે છે. ભગવાન શ્રીરામે માનવતા તથા જીવનમૂલ્યોનો અનન્ય ઈતિહાસ રચ્યો હતો. રામકથામાં પશુપક્ષીઓને મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત છે. વનવાસ દરમિયાન અનેક પશુપક્ષીઓ ભગવાન શ્રીરામની મિત્રવત્ અનુકંપા પામ્યાં હતાં. જેમ કે જટાયુ, સુગ્રીવ, હનુમાન, હરણ... વગેરેનો રામાયણમાં વ્યાપક ઉલ્લેખ જોવા મળે છે.

**શ્રીરામના આદર્શો પરત્વે પાવન રામનવમી નિમિત્તે અતૂટ શ્રદ્ધા તથા પ્રેમ**

ભારતમાં રામનવમી શ્રદ્ધા તથા આસ્થા સંગ ઉજવવામાં આવે છે. રામનવમીના દિવસે જ ચૈત્ર નવરાત્રિનું સમાપન પણ થાય છે. હિન્દુ ધર્મશાસ્ત્રો અનુસાર આ દિવસે ભગવાન શ્રીરામનો જન્મ થયો હતો. એટલે, આ શુભ તિથિને ભક્તો રામનવમી તરીકે ઉજવે છે. ભક્તો પવિત્ર નદીઓમાં સ્નાન કરીને પુણ્ય પણ અર્જિત કરે છે. રામનવમીનો તહેવાર ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમે ઉજવવામાં આવે છે. પવિત્ર ગ્રંથોમાં શ્રીરામચંદ્ર ભગવાનનો જન્મ ચૈત્ર શુક્લ નોમના દિવસે, પુનર્વસુ નક્ષત્રમાં તથા શાસ્ત્રોનુસાર, ત્રેતાયુગમાં રાવણના અત્યાચારોનો અંત આણવા તથા ધર્મની પુનર્સ્થાપના કરવા અર્થે ભગવાન વિષ્ણુએ મૃત્યુલોકમાં શ્રીરામ સ્વરૂપે અવતાર લીધો હતો.

**રામકથામાં ગિદ્ધરાજ જટાયુની પ્રેરક ભૂમિકા**

સીતામૈયાના કહેવાથી ભગવાન શ્રીરામ કપટમૃગ મારીચને મારવા માટે ગયા. લક્ષ્મણ પણ સીતામાતાની વિશેષ આજ્ઞા શિરસ્થ કરતાં ભગવાન રામને શોધવા નીકળી પડ્યા. બેઉ બંધુઓના ચાલ્યા ગયા પછી તેઓના આશ્રમમાં સૂનકાર વ્યાપ્યો. એ તક ઝડપી લેતાં લંકેશ્વર રાજા રાવણે સીતાનું હરણ કર્યું અને બળપૂર્વક તેઓને રથમાં બેસાડીને આકાશમાર્ગે લંકા જવા નીકળ્યો. સીતાજીએ રાવણની ચુંગાલમાંથી છુટવા પૂરો પ્રયત્ન કર્યો પરંતુ તેઓ અસફળ રહ્યાં. તેઓ વિલાપ કરવા માંડ્યાં. એ વિલાપ સાંભળીને જટાયુએ રાવણને લલકાર્યો. ગિદ્ધરાજ જટાયુએ રાવણ સાથે ભયંકર યુદ્ધ ખેલ્યું પણ અંતે રાવણે તલવારથી તેની પાંખો કાપી નાખી. એ સાથે જટાયુ મરણાસન્ન થઈને ધરતી પર પડી ગયો. રાવણ સીતાજીને લઈને લંકા જતો રહ્યો. એ પછી ભગવાન શ્રીરામ તેના સુધી પહોંચ્યા. તેઓએ ઘાયલ જટાયુના શરીરને પોતાના ખોળામાં લીધું. શ્રીરામે પક્ષીરાજના શરીરની ધૂળ પોતાના કેશથી સાફ કરી. ભગવાન શ્રીરામના મુખારવિંદનાં દર્શન કરતાં કરતાં જટાયુએ તેઓના ખોળામાં જ પોતાનો દેહ ત્યજ્યો. આ હૃદયવિકારક ઘટના માનવી તથા પશુ વચ્ચેના પ્રેમના ઊંડાણને દર્શાવે છે, જેમાં એક પક્ષીની માનવીય ચેતના પણ છલકે છે. એ પક્ષી જે પોતાના પ્રાણની કિંમતે પણ બીજાની રક્ષા કરવા છેલ્લા શ્વાસ સુધી સંઘર્ષ કરે છે. માનવ અને પશુ સંબંધોનું આનાથી ઉજળું ઉદાહરણ બીજું કયું હોઈ શકે?

**લંકા પર વિજય મેળવવામાં ખિસકોલીની ભૂમિકા**

આ પ્રેરક પ્રસંગ એ સમયનો છે જ્યારે સમગ્ર વાનરસેના રામસેતુ બનાવવાના કાર્યમાં વ્યસ્ત હતી. એ સમયે લક્ષ્મણનું ધ્યાન ગયું કે ભગવાન શ્રીરામ લાંબા સમયથી દૂર કોઈ ચોક્કસ દિશામાં નિહાળી રહ્યા છે. લક્ષ્મણે તેઓને પૂછ્યું કે ભાઈ, તમે લાંબા સમયથી શું નિહાળી રહ્યા છો? ભગવાન શ્રીરામે એ દિશામાં નિર્દેશ કરતાં લક્ષ્મણને જણાવ્યું કે જુઓ લક્ષ્મણ, એક ખિસકોલી વારંવાર સમુદ્રકિનારે જાય છે, ત્યાં રેતી પર આળોટીને પાછી આવે છે, આવીને પોતાના શરીર પર ચોંટેલી રેતી સેતુ પર ખંખેરીને પાછી ચાલી જાય છે. આ કાર્ય એ ક્યારની કરી રહી છે. લક્ષ્મણજી બોલ્યા કે પ્રભુ એ તો ખિસકોલી સમુદ્રમાં ક્રીડાનો આનંદ લઈ રહી હશે, બીજું કશું નથી. ભગવાન શ્રીરામે કહ્યું કે એની શ્રદ્ધા અને એનો સહયોગ સેતુના નિર્માણ માટે છે, જેમાં પ્રેમ અને માનવતા છલકે છે, અને એ સૌથી મહાન તત્વો છે. ભગવાન શ્રીરામે ખિસકોલીના એ સહયોગની પ્રશંસા કરી. તેને પોતાની પાસે બોલાવીને ભગવાન શ્રીરામે ખિસકોલીની પીઠ પર હાથ પસવાર્યો. તેનાથી ખિસકોલીના શરીર પર પટ્ટા બન્યા. બસ, ત્યારથી, ભગવાન શ્રીરામનો સાથ આપવાને લીધે ખિસકોલી દુનિયા આખી માટે આદર્શ ઉદાહરણ બની. ભગવાન શ્રીરામનો સ્પર્શ પામીને ખિસકોલીનું જીવન ધન્ય થઈ ગયું.

**લંકા પર ચડાઈમાં પશુપક્ષીઓનું યોગદાન**

ભગવાન શ્રીરામે વાનરસેનાનો સાથ મેળવીને લંકા પર આક્રમણ કર્યું હતું. લંકામાં રાવણની સેના સાથે ભીષણ યુદ્ધ કરીને વિજય પ્રાપ્ત કર્યો હતો. એ દસ દિવસીય યુદ્ધમાં વાનરસેનાએ અદભુત વીરતાનું પ્રદર્શન કર્યું હતું. ભગવાન શ્રીરામના પ્રમુખ સાથીદારો હતા સુગ્રીવ, હનુમાન, અંગદ, જામવંત, નલ તથા નીલ, જેનાથી સૌ પરિચિત છે, કિંતુ વાનરસેનામાં આ ઉપરાંત પણ એક મહાન યોદ્ધા હતો જેણે રાવણની અતિ શક્તિશાળી સેનાને દસ દિવસોમાં ધૂળ ચાટતી કરી દીધી હતી. નલ અને નીલ વાનરસેનામાં સેનાપતિ તથા એન્જિનિયર પણ હતા. તેમણે સાગર પર સેતુના નિર્માણમાં પ્રમુખ યોગદાન આપ્યું હતું. ઋષિઓએ નલ અને નીલને શાપ આપ્યો હતો કે તેઓ જે વસ્તુને સ્પર્શશે એ એ પાણીમાં નહીં ડૂબે. વાનરસેનાના એન્જિનિયર સમાન નલ અને નીલની દેખરેખમાં સમુદ્ર પર સેતુ બંધાયો હતો. જામવંત રીંછસેનાના સેનાપતિ તથા પ્રમુખ સલાહકાર હતા. એક કુશળ યોદ્ધા હોવા ઉપરાંત તેઓ વૃક્ષો પર માંચડા તથા રહેવા માટે કુટિરો બાંધવામાં પણ કુશળ હતા. આ પ્રમાણે જ અંગદ, નલ, નીલ, વિવિધ, કેસરિસુત, બાલી હનુમાનપ સૌ વાનરસેનાના મહાન સૈનિક હતા.

**અશ્વમેધ યજ્ઞમાં ઘોડાનું સન્માન**

શ્રીરામે અપ્રતિમ અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. એ યજ્ઞમાં જે અશ્વ છોડવામાં આવ્યો હતો તેના પૂર્વજન્મનું વર્ણન ત્યારે આવે છે જ્યારે ભગવાન શ્રીરામ અશ્વમેધ યજ્ઞનું સમાપન કરી રહ્યા હતા. એ સમયે મહર્ષિ વશિષ્ઠ અશ્વને અભિમંત્રિત કરે છે અને શ્રીરામચંદ્ર તથા સીતામાતાથી પણ તેને અભિમંત્રિત કરાવે છે, જેથી યજ્ઞનો અશ્વ પવિત્ર થઈ જાય. ત્યારે એક વિચિત્ર ઘટના આકાર પામે છે. પ્રભુ શ્રીરામ યજ્ઞ માટે ચૂંટવામાં આવેલા અશ્વને કહે છે કે હે શ્રેષ્ઠ આત્મા, આ યજ્ઞમંડપમાં ઉપસ્થિત તમામ શ્રેષ્ઠીવર્યો સમક્ષ તમે મને પાવન કરો. એવું કહીને પ્રભુ શ્રીરામ સીતામાતા સહ અશ્વને સ્પર્શે છે. એ દ્રશ્ય જોઈને સૌ કહે છે કે જે પ્રભુ શ્રીરામનું નામમાત્ર લેવાથી તમામ પાપ નષ્ટ થઈ જતાં હોય એવા પ્રભુ આ શું કરી રહ્યા છે? હવે શું આ ઘોડો પ્રભુ શ્રીરામને પવિત્ર કરશે? લોકોની આ વાત પ્રભુ શ્રીરામ સુપેરે સમજી ગયા. તેમણે ત્વરિત તેનું સમાધાન પણ કરી આપ્યું. પ્રભુ શ્રીરામ જેવા એ અશ્વને સ્પર્શે છે કે અશ્વ તેના પશુરૂપને ત્યજીને દિવ્ય રૂપ ધારણ કરે છે. એ નિહાળીને ત્યાં ઉપસ્થિત તમામ દેવતાગણ તથા નગરજનો આશ્ચર્યચકિત રહી જાય છે.

**રામના વનવાસ કાળમાં પશુપક્ષીઓની ભૂમિકા તથા કરુણ સંવાદ**

સીતાહરણ પછી ભગવાન શ્રીરામ પત્નીને શોધવા ચિંચિત થઈને જંગલમાં વિહરી રહ્યા હતા. તેઓ તેમને મળતા દરેક પશુપક્ષીઓને પૂછતા હતાઃ હે ખગ મૃગ હે મધુકર શ્રેણી, તુમ દેખી સીતા મૃગનૈની? આગળ જતાં માર્ગમાં પ્રભુ શ્રીરામને જટાયુ દેખાય છે, જેને રાવણે અધમૂવો કરીને જમીન પર ફેંકી દીધો હતો અને જે તરફડી રહ્યો હતો. રાવણે કરેલા સીતાના હરણ વિશે ભગવાન શ્રીરામને વિગતવાર જણાવ્યા બાદ ગિદ્ધરાજ જટાયુએ, પ્રભુના ખોળામાં પોતાની માનવીય ભૂમિકા નિભાવતાં, દેહત્યાગ કર્યો હતો. એ ઘટના માનવી અને પશુપ્રેમનો ઈતિહાસ બની.

**હનુમાન ભગવાન શ્રીરામના પશુપ્રેમથી પરાકાષ્ટાસમ પદ પામ્યા**

ભગવાન શ્રીરામના પશુપ્રેમની પરાકાષ્ઠા એટલે હનુમાનજી પણ. આમ તો તેઓ એક વાનર પણ માનવીને પણ ઝાંખા પાડે તેવી કરુણા અને તેની સ્વામીભક્તિ તેમણે દર્શાવી. આજે હનુમાનજી દેવરૂપે સર્વત્ર પુજાય છે તે ભગવાન શ્રીરામના પશુપ્રેમ થકી સંભવ થયેલી બીના છે.

**રામરાજ્યનો અનોખો પ્રસંગ શ્વાનનો...**

ભગવાન શ્રીરામના શાસન વખતનો એક પ્રસંગ શ્વાનનો પણ છે. એકવાર શ્રીરામના રાજ્યમાં એક શ્વાન રાજદરબારના દ્વારે પહોંચી ગયો. રામરાજ્યમાં સૌ સુખી હતા પણ આ એક શ્વાન દુઃખી જણાતો હતો. મહેલના દ્વારે આવીને એ ભસવા માંડ્યો. એને ત્રાહિત જાણીને રાજદરબારમાં ઉપસ્થિત કરવામાં આવ્યો. શી તકલીફ છે એવું પૂછતાં શ્વાને જણાવ્યું કે હે પ્રભુ, આપના રાજ્યમાં સર્વાર્થસિદ્ધ નામક એક બ્રાહ્મણ ભિક્ષુક છે.એ ભિક્ષુકે આજે અકારણ મારા પર પ્રહાર કરીને મારું માથું ભાંગી નાખ્યું છે. હું ન્યાય ચાહું છું. ખાસ્સી ચર્ચા અને વિવાદના અંતે એ ભિક્ષુક બ્રાહ્મણને દંડસ્વરૂપે મઠાધીશ નિયુક્ત કરવામાં આવ્યો. સૌએ ભગવાન શ્રીરામને પ્રશ્ન કર્યો કે આ તો સજા નહી પણ શિરપાવ થયો. પ્રત્યુત્તરમાં ભગવાને શ્રીરામે શ્વાનને જણાવ્યું કે શ્વાનરાજ, તમે સ્વયં આનું રહસ્ય ઉઘાડું પાડો. શ્વાને સૌને જણાવ્યું કે ભિક્ષુક બ્રાહ્મણ માટે તો આ આકરો દંડ છે, કારણ કે મઠાધીશ તરીકે એ અન્ય બ્રાહ્મણો તથા દેવતાઓને અર્પણ કરવામાં આવેલા દ્રવ્યનો ઉપભોગ કરશે અને પાપનો ભાગીદાર બનશે. આ ઘટના પણ એ વાતનો ખ્યાલ આપે છે કે પ્રભુ શ્રીરામ દરેક પશુ સાથે કેટલી નિકટતા ધરાવતા હતા.


**સારાંશ**

પાવન રામનવમીના અવસરે ભગવાન શ્રીરામનાં આદર્શોની ચર્ચા કરવી સ્વાભાવિક તથા સાંપ્રત છે. ભગવાન શ્રીરામના વ્યક્તિત્વનું વર્ણન મર્યાદા પુરુષોત્તમરૂપે આપણે જાણીએ છીએ, જેના થકી આપણા જીવનને પ્રેરણા અને ગતિ મળે છે. તેમનું વ્યક્તિત્વ આપણને માનવીય મૂલ્યોનું મહત્ત્વ દર્શાવે છે. એ પણ જણાવે છે કે દુનિયામાં માનવતા હજી પણ ટકેલી છે. ભગવાન શ્રીરામ સહુને એકસરખું સન્માન અને એકસરખો આદર આપતા. તેઓની દ્રષ્ટિમાં કોઈ નાનું નહી અને કોઈ મોટું નહી. સૌ એકસમાન હતા. આ સન્માનનાં કંઈક ઉદાહરણો રામાયણમાં પશુપક્ષીઓની ચર્ચા સ્વરૂપે જોવા મળે છે. એકંદરે, રામકથા દરેક વખતે, દરેક ક્ષણે આપણા જીવનમાં એક નવી પ્રેરણા અને એક નવો સંદેશ ઉમેરે છે.

# દેશના ફેમસ ન્યૂઝ એંકર રોહિત સરદાનાનુ કોરોનાને કારણે નિધન

ન્યુ દિલ્હી,તા.૩૦

પ્રખ્યાત ન્યૂઝ એક્રર રોહિત સરદાનાનું કોરોનાથી અવસાન થયું હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. લાંબા સમયથી ઝી ન્યૂઝમાં એક્રર રહેલા રોહિત સરદાનાં આજ તક ન્યૂઝ ચેનલમાં એક્રર તરીકે કામ કરી રહ્યા હતા. સુધીર ચૌધરીએ ટ્વીટ કરી આ વિશે માહિતી આપી હતી. સુધીર ચૌધરીએ ટ્વીટ કર્યું, 'થોડા સમય પહેલા જ મને જીતેન્દ્ર શર્માનો ફોન આવ્યો હતો. તેમણે જે કહ્યું તે સાંભળીને મારા હાથ ધ્રુજી ઉઠ્યા. અમારા મિત્ર અને સાથીદાર રોહિત સરદાનાનાં મૃત્યુનાં સમાચાર મળ્યા હતા. મેં કલ્પના પણ નહોતી કરી કે આ વાયરસ અમારી નજીકથી કોઈને પસંદ કરશે. હું આ માટે તૈયાર નહોતો. આ ભગવાનનો અન્યાય છેપ. ' ઓમ શાંતિ.'



લાંબા સમયથી ટીવી મીડિયાનો ચહેરો રહી ચૂકેલા રોહિત સરદાનાં 'આજ તક' ન્યૂઝ ચેનલમાં પ્રસારિત થતા શો 'દંગલ' નાં એક્રર હતા. ૨૦૧૮ માં જ રોહિત સરદાનાને ગણેશ શંકર વિદ્યાર્થી એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. જણાવી દઈએ કે, થોડા દિવસો પહેલા રોહિત સરદાનાએ પોતાનો આરટી-પીસીઆર ટેસ્ટ કરાવ્યો હતો, પરંતુ તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. બાદમાં સીટી સ્કેનમાં તેને કોરોના પોઝિટિવ હોવાની પુષ્ટિ મળી હતી. ત્યારબાદથી તેની સારવાર ચાલી રહી હતી. કેટલાક લોકો દાવો કરે છે કે તેનું મૃત્યુ કોરોનાને કારણે નહીં પરંતુ હાર્ટ એટેકથી થયું છે. રોહિતા સરદાનાનાં સહયોગી અને વરિષ્ઠ પત્રકાર રાજદીપ સરદેસાઈએ ટ્વિટ કરીને લખ્યું છે કે, ખૂબ જ દુઃખદ સમાચાર આવી રહ્યા છે. ટીવી ન્યૂઝ એક્રર રોહિત સરદાના દુનિયામાં નથી રહ્યા. શુક્રવારે સવારે તેમને હાર્ટ એટેક આવ્યો હતો. તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના.

ભાજપનાં પ્રવક્તા સંબિત પાત્રાએ પણ ટ્વીટ કર્યું છે જેમા તેમણે લખ્યુ કે, રોહિત સરદાના, અમે તમને ખૂબ યાદ કરીશું. તમે જીવનનો એક અભિન્ન અંગ બની ગયા હતા, તમે જ્યાં પણ હોવ, મારા ભાઈ ખુશ રહો.. નારાયણનાં ચરણોમાં રહો. ? શાંતિ.

રોહિત સરદાનાનાં અવસાનનાં સમાચાર સાંભળ્યા બાદ એક પછી એક પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. પત્રકાર દીપક ચૌરસીઆએ રોહિત સરદાનાનાં અવસાન પર ટ્વીટ કર્યુ, હુ સ્તબ્ધ છુ, ઘણા દુઃખદ સમાચાર છે. અમારા સૌના પ્રિય વરિષ્ઠ પત્રકાર રોહિત સરદાના હવે નથી રહ્યા. ભગવાન તેમની આત્માને શાંતિ પ્રદાન કરે. ઓમ શાંતિ..

ઉલ્લેખનીય છે કે, કોરોનાથી સંક્રમિત થયા પછી પણ રોહિતે લોકોની મદદ કરવાનું બંધ કર્યું નહીં. તેમણે સતત ટ્વિટર દ્વારા લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો. તેમણે ગુરુવારે રાત્રે ૮.૪૫ વાગ્યે એક ટ્વીટ કર્યુ, તેમના મૃત્યુનાં ૧૨ કલાક પહેલા. જેમાં કાનપુરમાં દાખલ કરુણા શ્રીવાસ્તવ નામનાં દર્દી માટે મદદ માંગી હતી. તેમના નિધન બાદ મોટી સંખ્યામાં લોકોએ સોશિયલ મીડિયા પર ટવીટ કરીને દુઃખ વ્યક્ત કર્યુ છે. આપને જણાવી દઈએ કે, રોહિતનો જન્મ ૨૨ સપ્ટેમ્બરનાં રોજ હરિયાણાનાં કુરુક્ષેત્રમાં થયો હતો. સ્કૂલનું શિક્ષણ પૂરું કર્યા પછી, તેઓ હિસાર ગયા અને ગુરુ જંબેશ્વર વિજ્ઞાન ટેકનોલોજી યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો. તેમણે પહેલા મનોવિજ્ઞાનમાં સ્નાતકની ડિગ્રી મેળવી, પછી તે જ યુનિવર્સિટીમાંથી માસ કોમ્યુનિકેશનમાં સ્નાતકની પદવી મેળવી હતી. હાલમાં રોહિત નોઈડા સ્થિત ન્યૂઝ ચેનલ આજ તકમાં તેઓ કામ કરતા હતા. આ પહેલા તેમણે સહારા, ઝી ન્યૂઝ જેવી સંસ્થાઓમાં સેવા આપી હતી.

૨૦૧૮ માં જ રોહિત સરદાનાને ગણેશ શંકર વિદ્યાર્થી એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. સરદાના છેલ્લા ૨૦ વર્ષથી પત્રકારત્વમાં વ્યસ્ત હતા. તેમના વિશે કહેવાતુ હતુ કે, જ્યારે પણ તે એક્રર તરીકે કોઈને સવાલ પૂછતા ત્યારે સામે કોઈપણ નેતા-અભિનેતા હોય તેમને જવાબ આપવામાં પરસેવો વળી જતો હતો. રોહિત સરદાનાનાં મોતથી આજે દેશભરમાં મીડિયાકર્મીઓમાં શોકની લાગણી છે.

# ભારત સાથેની મિત્રતા, બ્રિટને મોકલી હાલતી ચાલતી ઓક્સીજનની ફેક્ટરી




ન્યુ દિલ્હી,તા.૩૦

કોરોનાની મહામારીમાં એક સમયે દુનિયા આખીને છુટ્ટા હાથે મદદ કરનારા ભારત પર આજે સંકટ આવી પડ્યું છે. આ સંકટની સ્થિતિમાં દુનિયા આખી ભારતની મદદ આવી છે. અમેરિકા અને રશિયા સહિતના અનેક દેશોના વિમાનો જરૂરી સાધન સામગ્રી ભરીને ભારતમાં પહોંચી રહ્યાં છે. પોતાની વેક્સીન હાલ આપવાનો ઈનકાર કરનારા બ્રિટને ભારતને રીતસરની ઓક્સીજનની ફેક્ટરી જ મોકલી આપી છે.

બ્રિટને મોકલેલી આ ઓક્સીજનની ફેક્ટરીમાં પ્રતિ મિનિટે સારી ગુણવત્તાના ૫૦૦ લીટર ઓક્સિજનનું ઉત્પાદન થઈ શકશે. બ્રિટન દ્વારા ઉત્તરના આયરલેન્ડના વધારાના ભંડારમાંથી ૩ ઓક્સિજન ઉત્પાદક એકમ ભારત મોકલવામાં આવશે. જે પ્રત્યેક પ્રતિ મિનિટ ૫૦૦ લીટર ઓક્સિજનનાં ઉત્પાદનમાં સક્ષમ છે. જે એક વારમાં ૫૦ લોકોના ઉપયોગ માટે પુરતુ છે.

બ્રિટનના આ એક શિપિંગ કન્ટેનરના આકારથી નાના કારખાના ભારતની હોસ્પિટલોમાં ઓક્સિજનની વ્યાપક માંગને કેટલીક હદ સુધી પુરા કરી શકશે. ભારતમાં મહામારીની વિનાશકારી બીજી લહેર દરમિયાન ઓક્સિજનની મુખ્ય જરુરીયાતોમાંની એક છે.

ભારતનમાં કોરોના વાયરસની બીજી લહેરનો ઉલ્લેખ કરતા બ્રિટનના પીએમ બોરિસ જોનસેનના પ્રવક્તા ડાઉનિંગ સ્ટ્રીટે કહ્યું હતું કે, બ્રિટન તરફથી ભારતને ૪૯૫ ઓક્સિજન કન્સેન્ટ્રેટર્સ, ૧૨૦ નોન ઈનવેજિવ વેન્ટિલેટર્સ અને ૨૦ મેન્યુઅલ વેન્ટિલેટર્સની સપ્લાય કરવામાં આવી રહી છે. મંગળવારે સવારે બ્રિટનથી ૯૫ કન્સન્ટ્રેટર્સ અને ૧૦૦ વેન્ટિલેટર્સનો પહેલો જથ્થો દિલ્હી પહોંચી ગયો છે.

# બજારમાં ભારે કડાકો, સેન્સેક્સમાં ૯૮૫ અંક તૂટ્યો, નિફ્ટી ૧૪૬૨૫ પર બંધ

મુંબઈ,તા.૩૦

મહિનાના અંતિમ દિવસે બજારમાં આજે મોટો ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ આજે ૯૮૫ પોઈન્ટ ઘટ્યો છે, જ્યારે નિફ્ટી ૧૪૬૨૫ પર બંધ રહ્યો છે. આજના વેપારમાં ઓટો અને બેંકિંગ શેરોમાં વેચવાલી જોવા મળી હતી. આઈટી અને રિયલ્ટી શેરોમાં પણ દબાણ રહ્યું. તે જ સમયે, તેલ-ગેસ શેરોમાં ખરીદી જોવા મળી હતી. મેટલ અને ફાર્મામાં પણ હળવી ખરીદી જોવા મળી હતી. નિફ્ટી ૨૬૪ પોઈન્ટ ઘટીને ૧૪૬૩૧ પર બંધ. તે જ સમયે, સેન્સેક્સ ૯૮૫ અંક ઘટીને ૪૮૭૮૨ની સપાટીએ બંધ રહ્યો છે. જ્યારે નિફ્ટી બેંક ૯૩૩ અંક ઘટીને ૩૨૭૮૨ની સપાટીએ બંધ રહ્યો છે.

આજે સવારે ચાર દિવસની તેજી બાદ સપ્તાહના છેલ્લા દિવસે બજારમાં તેજી થાક ખાતી જોવા મળી. શુક્રવારે બજાર ખૂલતાની સાથે જ નીચા મથાળે ટ્રેન્ડ થવા લાગ્યો. સવારે ૯.૧૬ વાગ્યે બોમ્બે સ્ટોક એક્સચેન્જ ખાતે સેક્રેક્સ ૪૫૦ અંકના ઘટાડા સાથે વેપાર કરી રહ્યો હતો. તો નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે નિફ્ટીમાં ૧૨૬ અંકનો ઘટાડો નોંધાયો. આજે સવારે એશિયન બજારોમાં પણ નરમાઈ જોવા મળી હતી તેની પાછળ ભારતીય બજારો નબળા ખૂલ્યા હતા.

સવારે સેન્સેક્સ ૪૫૬.૩૦ કે ૦.૯૨ ટકા નીચા મથાળે ૪૯૩૦૯.૬૪ની ટ્રેડ કરી રહ્યો હતો. નિફ્ટી ૧૨૬.૯૦ અંક એટલે કે ૦.૮૫ ટકા ઘટીને ૧૪૭૬૮ની સપાટી પર ટ્રેડ થઈ રહ્યો હતો. આપને જણાવી દઈએ કે સપ્તાહની શરૂઆત બજારે ગ્રીન ઝોનની સાથે કરી હતી પરંતુ ચાર દિવસની તેજી બાદ હવે બજારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય,પદ્ય રચના રજૂ કરવામાં આવે છે.
વિષય : રામાયણ ના પાત્રો વિષયક રચનાઓ - .દિવસ - ૫

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

## NOG SS No.0050

વિષય- રામાયણનાં કોઈ એક પાત્ર પર લેખન.
શીષેક - ઊર્મિલા .
એક...ત્યાગમૂર્તિ...!
ઓરડામાં ગૂંગળાતો શ્વાસ
એકબીજાં પર નો વિશ્વાસ ,
રામને સીતાજી તો સાથે જીવ્યાં પણ..!
સાચે સાચું કહીશ કે વનવાસ લક્ષ્મણ વગર ઊર્મિલાનો ખરો હતો.
ઊર્મિલા એટલે ફરીથી ઉપેક્ષિત નહીં પણ મજબૂત મનોબળ ધરાવતી મહિલા નું ઉત્કૃષ્ટ ઉદાહરણ.
શ્રી રામના વિવાહ પ્રસંગે જનક નંદિની ઊર્મિલા નો અછડતો ઉલ્લેખ જ છે માત્ર પછી ૧૪ વર્ષનાં વનવાસ નો હૃદય ચીરી નાખે એવો પ્રસંગ છે .જ્યારે લક્ષ્મણ શ્રીરામ સાથે જવાનો આગ્રહ કરે છે . ત્યારે ઊર્મિલા પણ વનવાસ વેઠવાનું કહે છે, પ્રસ્તાવ મૂકે છે. લક્ષ્મણ સાથે જવા સહમત નથી માતા-પિતાને
સંભાળવાની જવાબદારી ઊર્મિલાનાં નાજુક ખભા પર નાખે છે.
ચૌદ વરસનો કઠિન વિયોગ ઊર્મિલાના ભાગ્યમાં લખાય છે, હસતાં મોઢે પતિનો આદેશ માથે ચડાવે છે. પતિવ્રતા ધર્મ બહુમતીથી નિભાવે છે .
કાળખંડમાં અડગ મનનાં ઊર્મિલા પતિવ્રતા ધર્મ તેમની અજાણતાં પણ થયેલી અવગણનાને ભુલાવી દે છે. આ જ બાબત મહાનતા બક્ષે છે, પતિના વિયોગ નો વિલાપ નહીં કરે ,મનથી સ્વસ્થ નહીં રહે તો પરિવારને કાળજી નહીં રાખી શકીએ પછી આંસુ નહીં સારવાનું કેટલું કપરું બને છે. કલ્પના કરો પતિ વિયોગ આકરો, પિયર મિથિલા જવાની ના પાડે છે. પતિની ગેરહાજરીમાં માતાઓની સારસંભાળ રાખવાની જવાબદારી સોંપીને ગયા છે લક્ષ્મણ.
સૌ જાણે છે વનવાસ દરમિયાન લક્ષ્મણજી શ્રીરામની
સેવા કરતાં ૧૪ વર્ષ સૂતાં નહોતાં .
રામાયણમાં કુંભકર્ણ અને ઊર્મિલાની નિંદ્રાનો ઉલ્લેખ છે .પ્રથમ દિવસે લક્ષ્મણ ચોકી કરતાં નિંદ્રાદેવી સ્વરૂપે પ્રગટ થયા ને પૃચ્છા કરી નિંદ્રાદેવીએ ઓળખાણ આપી ,"૧૪ વર્ષ ના ઉંઘવું કુદરતનાં નિયમ વિરુદ્ધ છે પણ તારા ભાગ્યની નિંદ્રા કોઈ ભોગવવા તૈયાર હોય તો તને નિંદ્રા થી મુક્તિ મળી શકે છે". જેથી પોતાની પત્ની ઊર્મિલા પાસે જવાનું કહ્યું અને પતિવ્રતા ધર્મ નિભાવવા ચૌદ વરસ ઊર્મિલા ઊંઘતા રહ્યાં.
સાચી વાત, મૌનનું તપસ્વી રૂપ એટલે ઊર્મિલા નું સમર્પણ.
ત્યાગ ને ધૈર્યનું દિવ્ય રૂપ એટલે ઊર્મિલાનું જીવન કવન.
ચૌદ વર્ષ સુધી વન તરફ જવાના માર્ગે એકીટશે પ્રતીક્ષા કરતું એક વિરહી અસ્તિત્વ.
એક નિર્મલ, નિર્દોષ,પવિત્ર ત્યાગમૂર્તિ જેને કોઈનાં માટે કોઈ જ ફરિયાદ નથી ને કોઈ જ અસંતોષ નથી, જેને કોઈ પણ જાતનો બદલો જોઈતો નથી, જેની કોઈ માંગ નથી. જેને ઇતિહાસમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે લખાવાની કે પ્રશંસા ને જગ પ્રસિદ્ધિની અપેક્ષા જરાપણ નથી.
અરે..! જેને ભૌતિક સુખની કલ્પના માત્ર નથી.તે તો રામ કાર્યમાં જીવનની આહુતિ આપવામાં અને તેમાં નિમિત્તરૂપ બનવામાં જીવનની ફલશ્રુતિ માને છે.
તપ ,મર્યાદા,સંયમ,વૈરાગ્ય,પ્રભુ પ્રેમ, વિશુદ્ધ ભક્તિ, પતિવ્રતા...(પતિને જે વ્રત આપી માનવજીવન ને સાર્થક કરવામાં નિમિત્તરૂપ બને તે ) સદગુણોથી શોભતી ,
સંસારસુખને તૃણ સમાન માનનારી એક આર્ય નારી..! એટલે "ઊર્મિલા "
જેણે મહેલમાં રહીને કઠોર વનવાસ ભોગવ્યો છે, એવી તપસ્વિની આર્ય સંસ્કૃતિનું આ શિરમોર પાત્ર જેણે સંસ્કૃતિ કાજે ત્યાગી જીવન અપનાવી જીવનને સાર્થક કર્યું..
એવી આર્ય નારીને નમન..!

રાગીની શુક્લ "રાગ"
(મુંબઈ, કાંદિવલી.)

---

## NOG SS No. - 0039

વિષય - રામાયણનું કોઈ પણ એક પાત્ર
શીર્ષક - શત્રુઘ્ન
શબ્દો - ૨૩૩
રાજા દશરથના ચાર દીકરા, રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન.

રામાયણનું નાનું એવું પાત્ર લાગતાં શત્રુઘ્નનું પણ ઘણું મોટું યોગદાન છે.

કાશીની રાજકુમારી અને રાજા દશરથની ત્રીજી પત્ની સુમિત્રાનો દીકરો શત્રુઘ્ન, લક્ષ્મણનો જોડકો ભાઈ હતો.રામ કૌશલ્યનો અને ભરત કૈકેયીનો પુત્ર હતાં.

હિન્દુ મહાકાવ્ય વાલ્મિકી રામાયણ અનુસાર શત્રુઘ્ન વિષ્ણુના પ્રકટ અવતારનો અડધો ભાગ છે એવું માનવામાં આવે છે.

શત્રુઘ્નના લગ્ન રાજા જનકના નાના ભાઈ કુશલધ્વજની દીકરી શ્રુતકીર્તિ સાથે થયાં હતાં. સીતા શ્રુતકીર્તિની કાકાની દીકરી હતી.
શત્રુઘ્ન અને શ્રુતકીર્તિનાં બે બાળકો હતાં. શત્રુઘતિ અને સુબાહુ.
સંસ્કૃત ભાષામાં શત્રુઘ્નનો અર્થ દુશ્મનને હણનાર, એનો નાશ કરનાર એવો થાય છે.વિષ્ણુ સહસ્ત્રનામમાં વિષ્ણુનું ચારસો બારમું નામ શત્રુઘ્ન છે.
રામના વનવાસ ગયા પછી કૈકેયી પાસેથી દાગીના અને મોટું ઈનામ મેળવીને નીકળતી કૈકેયીના કાન ભરનાર મંથરાને મારવા દોડ્યો હતો પણ સમતાભાવી ભરતે આ વાત મોટાભાઈ રામને નહિ ગમે એમ માનીને એને રોક્યો હતો.

રામ ભરતને રાજગાદી સોંપીને સીતા અને લક્ષ્મણ સાથે વનવાસ ગયા ત્યારે ભરતે રાજગાદીએ રામની પાદુકાઓ સ્થાપીને રાજ્યની બહાર વાસ કર્યો હતો ત્યારે શત્રુઘ્નએ રાજપાટ સંભાળ્યું હતું.

ભરત નંદીગ્રામમાં રોકાઈ ગયા હતા ત્યારે રાજ્ય અને ત્રણેય માતાઓને સાંભળવાની સંપૂર્ણ જવાબદારી શત્રુઘ્ન ઉપર આવી ગઈ હતી.
મથુરાના દાનવ રાજા લવણાસુરનો વધ પણ શત્રુઘ્નએ કર્યો હતો.

વિષ્ણુના સાતમા અવતાર રામે ધર્મપૂર્વક રાજ ચલાવી દસ હજાર વર્ષ પૂરાં કર્યાં ત્યારે પોતાનાં શાશ્વત મહાવિષ્ણુ અવતારમાં વિલીન થવા માટે સરયૂ નદીમાં સમાધિ લીધી. એમની સાથે ભરત અને શત્રુઘ્ન પણ મહાવિષ્ણુમાં વિલીન થયા.

શત્રુઘ્નના નામના મંદિરો ભારતમાં કેરળ, ઋષિકેશ અને મથુરામાં આવેલાં છે.

પ્રફુલ્લા "પ્રસન્ના",અમદાવાદ

---

## NOG SS NO- 0088

વિષય શબ્દ- રામાયણનું એક પાત્ર
પ્રકાર- પદ્ય
શીર્ષક- અહલ્યા બની શલ્યા!
ધરાર! ઊંચી ઊઠી, આજ ધરતીની ચીખ
કરી ચિત્કાર!
હે! રામ, જલ્દી આવો આ દુનિયાની છે,
અનોખી શીખ!
મારા હૈયે! કઈંક; રમણી સદીઓથી,
પત્થર! થઈ પડી!
પ્રાણ! અટક્યા એના પ્રાણપતિ તુજ પર,
ચાલે છેક! નાડી!
પાપભીરું, નિશ્ચેતન! થઈ પડી જે મારા
પંડે અહલ્યા !
મારા રામ! જલ્દી આવો, નથી જીરવાતી
નિષ્પ્રાણ શલ્યા!
હું મા! મરતી ના ભાળું તનુજા મૂર્છિત!
પડી જે, મુજ કૂંખે!
વ્હાલા રામ! કરી સ્પર્શ દઈ દો, ચેતનાનાં
દાન એ ઝંખે!..
લાંછન લાગ્યું, સતીને વ્યભિચારી, પતિતા
ગ્રહણ તણું!
પૂછું પ્રશ્ન એક, હું "ધરા" સમગ્ર પુરુષ
જાતને ભણું ?
કપટ! કર્યું જે ઈન્દ્રે, લઈ વેશ પતિ
ગૌતમઋષિ તણો!
નથી, શ્રાપ! પામી બની શલ્યા અહલ્યા,
ઋષિપતિ તણો ,જે પતિવ્રતા, અર્ધાંગના
કરે શું શંકા કદી સખ્ય! પતિ સંગ તણી?
કપટે, શીલભંગના ભારથી, પ્રાણ સાથે
ઇંદ્રિય! લીધી તાણી!
સાક્ષી! હું યુગોની! નથી કોઈ પુરુષ,
કપટે પાષાણ થાતો ?
સેવે કોઈ વારુણીને રામજની છતાં! ના
પતિત પથરો થઈ પડતો?..

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

## NOG SS NO. 0076

વિષય :- રામાયણનું પાત્ર
પ્રકાર :- ગદ્ય
શીર્ષક :- નલ -નીલ
રામા્યાનમાં રામ-રાવણનું યુદ્ધ ક્યારે શક્ય બન્યું? ૧૦૦ યોજનનો સમુદ્ર પાર કર્યા વગર શું એ શક્ય હતું? યુદ્ધ વગર સીતાજીને પાછા કઈ રીતે લાવી શકાત ? ભગવાન શ્રી રામ જ્યારે સેના સહીત સમુદ્ર તટે પહોંચ્યા અને સમુદ્રને રસ્તો કરી આપવા વિનંતી કરવા છતાં સમુદ્ર રસ્તો કરી આપવા તૈયાર ન થતાં, પ્રભુ શ્રી રામ પોતાનાં એક બાણથી સમુદ્રને સુકવવા તૈયાર થયાં.

ભયભીત થયેલ સમુદ્રએ હાથ જોડીને કહ્યું કે આપની સેનામાં નલ - નીલ નામનાં બે વાનર છે, જેમને શ્રાપ છે કે એમની ફેંકેલી કોઈપણ વસ્તુ સમુદ્રમાં નહી ડૂબે, માટે આપ એક સેતુનું નિર્માણ કરવામાં એમની મદદ લઈને સમુદ્ર પાર કરી શકો છો.

પૌરાણિક માન્યતા અનુસાર નલ અને નીલ વિશ્વકર્માનાં પુત્રો હતાં, એક દંતકથા અનુસાર બાલ્યાવસ્થામાં નલ અને નીલ ઋષિમુનીઓને ખૂબ હેરાન કરતા હતાં, ઋષિઓની ઘણી વસ્તુઓ સમુદ્રમાં ફેંકી દેતા હતાં, બાળકોની આ પજવણીથી થાકીને ઋષિમુનીઓએ શ્રાપ આપ્યો કે તેઓ જે વસ્તુ પાણીમાં નાખશે એ ડૂબશે નહી.

બાળપણમાં મળેલો એ શ્રાપ હવે રામસેતુના નિર્માણમાં વરદાન સાબિત થઈ રહ્યો.

વાલ્મિકી રામાયણ અનુસાર આ સેતુ બનાવવામાં ૫ દિવસ લાગ્યા હતાં, જેમાં પ્રથમ દિવસે ૧૪ યોજન, બીજા દિવસે ૨૦ યોજન, ત્રીજા દિવસે ૨૧ યોજન, ચોથા દિવસે ૨૨ યોજન અને પાંચમા દિવસે ૨૩ યોજન સેતુ બન્યો હતો .આ રીતે કુલ ૧૦૦ યોજનનો પુલ બન્યો હતો.

આમ, પ્રભુ અહરી રામ અને સમગ્ર વાનરસેનાને લંકા સુધી પહોંચાડવામાં મુખ્ય મદદરૂપ રામસેતુનું નિર્માણ નલ -નીલ ની મદદથી સંભવ બન્યું.

તુલસીદાસજી રચિત રામા્યાનમાં નલ -નીલ બંનેનો ઉલ્લેખ છે, જ્યારે રામાયણ સાથે જોડાયેલી અન્ય વાર્તાઓમાં ફક્ત નલનો જ ઉલ્લેખ છે.

રામસેતુનાં નિર્માણમાં નલ -નીલનો બહુમૂલ્ય ફાળો છે.

પારૂલ ઠક્કર "યાદ",ભાવનગર

---

## NOG SS No:- 0010

વિભાગઃ ગદ્ય
પ્રકાર :- લઘુકથા
વિષય :- રામાયણનાં પાત્રો
શીર્ષક :- મુલકાસુર

રામાયણનાં લગભગ અડતાલીસ મુખ્ય પાત્રો જણાય છે. ઘણાં બહુ જાણીતાં અને ઘણાં ઓછાં જાણીતાં છે. એમાંનું એક પાત્ર મુલકાસુર એ કુંભકર્ણનો પુત્ર છે. કુંભકર્ણ એને જંગલમાં છોડી આવ્યો હતો. ત્યાં એને મધમાખીઓએ સાચવી લીધો હતો. એ જ્યારે તરુણ થયો ત્યારે તપસ્યા કરીને બ્રહ્માજીને પ્રસન્ન કરી એમની પાસેથી વરદાન પણ પ્રાપ્ત કર્યું હતું. એ વાતનું એટલું બધું અભિમાન હતું કે એ બધાંને ખૂબ જ હેરાન કરતો હતો. એને ખબર પડી કે રામે લંકા જીતી લીધી છે અને રાજ્ય વિભીષણને આપ્યું છે એટલે એણે એનાં પાતાળવાસી સાથીઓને લઈને લંકામાં વિભીષણ ઉપર આક્રમણ કર્યું. છ મહિના સુધી યુધ્ધ ચાલ્યું ત્યારે વિભીષણ પત્ની અને મંત્રીની સાથે એક સુરંગ માંથી બહાર નીકળી ભગવાન શ્રીરામની મદદ માટે અયોધ્યા આવ્યાં
ત્યાં એમણે મુલકાસુરનો સઘળો વૃત્તાંત શ્રીરામને સંભળાવ્યો. વિભીષણના વધ પછી એ શ્રીરામનો પણ વધ કરશે એવી એની વાત પણ જણાવી. ભગવાન શ્રીરામ, લવ- કુશ, લક્ષ્મણ અને વાનર સેના સાથે પુષ્પક વિમાનમાં લંકા પહોંચ્યા ત્યાં મુલકાસુર સાથે સાત દિવસ સુધી ભયંકર યુધ્ધ ચાલ્યું. આ બાબતે શ્રીરામ ચિંતામાં હતાં ત્યારે અચાનક બ્રહ્માજી શ્રીરામ પાસે આવ્યાં અને કહ્યું :' હે રઘુનંદન, મેં આ રાક્ષસને કોઈ સ્ત્રી દ્વારા વધ થશે એવું વરદાન આપ્યું છે. એક વખત મુનિઓની વચ્ચે અપશબ્દો બોલતો હતો ત્યારે માતા સીતા માટે ચંડી શબ્દથી ઉપહાસ કરી અપમાનજનક શબ્દો બોલતાં એક મુનિએ ગુસ્સામાં એને શ્રાપ આપ્યો કે :'હે દુષ્ટ જેને તું ચંડી કહે છે એ જ સીતા તારાં મૃત્યુનું કારણ બનશે. ત્યારે આ રાક્ષસે એનો વધ કર્યો હતો અને બધાં મુનિ ડરીને ભાગી ગયાં. એટલે સીતાજીને બોલાવો એ જ આ મુલકાસુરનો વધ કરવા સક્ષમ છે એમનાં હાથે જ આનો વધ થશે . બાકી બીજાં બધાં પ્રયત્નો નિષ્ફળ જશે.' આટલું કહીને બ્રહ્માજી ચાલ્યાં ગયાં.

શ્રીરામના કહેવાથી હનુમાનજી સીતાજીને સુરક્ષિત લઈ આવ્યાં. શ્રીરામે મુલકાસુરની વાત કરી.એ સાંભળીને ભગવતી એકદમ ગુસ્સે થઈ ગયાં. ભયંકર અવાજ સાથે શરીરમાંથી એક તામસી શક્તિ નીકળવા લાગી એ લંકા પહોંચ્યા, એમને જોઈને મુલકાસુરે કહ્યું :' હું સ્ત્રી ઉપર હાથ નથી ઉઠાવતો, તું અહીંથી ભાગી જા.'

સીતાજીએ એને કહ્યું :' હું તારી મૃત્યુચંડી છું. તે મારાં પક્ષપાતી બ્રાહ્મણને મારી નાખ્યો, તને મારીને હું ઋણ ઉતારીશ.' કહીને સીતાજીએ એનાં ઉપર બાણ ચલાવ્યાં. મુલકાસુરે પણ બાણ ચલાવ્યા.

છેલ્લે ચંડિકાશૂા ચલાવી સીતાજીએ જ મુલકાસુરનું માથું જ ઉડાવી દીધું. એનું માથું લંકાના દરવાજા પર જ પડી ગયું. એ જોઈને બધાં રાક્ષસો ભાગી ગયાં. સીતાજી પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગયાં. આ રીતે મુલકાસુર રાક્ષસનો અંત થયો હતો.

દીપ્તિ પટેલ 'શ્રીકૃપા',વડોદરા

# કોરોના સંકટમાં ઈસ્લામિક દેશો ખુલીને કરી રહ્યા છે ભારતની મદદ

ન્યુ દિલ્હી,તા.૩૦
કોરોનાની બીજી લહેર સામે ભારત આર-પારની લડાઈ લડી રહ્યું છે. ભારતમાં વિકારળ બની રહેલા કોરોના સંકટના કારણે ઓક્સિજન ઉપરાંત દવાઓ અને ટેસ્ટ કિટની પણ તંગી વર્તાઈ રહી છે. ઓક્સિજન અને દવાઓની તંગી વચ્ચે અનેક હોસ્પિટલોમાં દાખલ દર્દીઓએ પોતાની દવા અને ઓક્સિજનની સગવડ જાતે જ કરવી પડે છે. હોસ્પિટલ પોતાના ત્યાં પહેલેથી જ દાખલ હોય તેવા દર્દીઓ માટે ઓક્સિજન મેળવવા ઈમરજન્સી મેસેજ મોકલી રહી છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખે પણ ભારતમાં કોરોનાની સ્થિતિ વિચલિત કરનારી હોવાનું જણાવ્યું હતું. કેનેડા, જર્મની, ઓસ્ટ્રેલિયા, બ્રિટન, સંયુક્ત આરબ અમીરાત, નેધરલેન્ડ સહિત અનેક દેશોએ ભારતથી વિમાની સેવાઓ પર થોડા દિવસનો પ્રતિબંધ મુકી દીધો છે. કોરોનાના કારણે મચેલા હાહાકાર વચ્ચે વિશ્વના અનેક દેશો ભારતના મદદગાર બનીને સામે આવ્યા છે જેમાં અનેક ઈસ્લામિક દેશો સામેલ છે.

ભારતમાં ઓક્સિજનની તંગીને ધ્યાનમાં રાખીને સાઉદી અરેબિયાએ ૮૦ મેટ્રિક ટન ઓક્સિજન મોકલ્યો છે. યુએઈના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લાએ ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે ફોન પર વાતચીત કરી હતી અને તેમનો દેશ કોરોના સંકટનો સામનો કરવા ભારતની દરેક સ્તરે મદદ કરશે તેમ જણાવ્યું હતું. યુએઈએ દુબઈ ખાતે આવેલી વિશ્વની સૌથી ઉંચી ઈમારત પર ભારતના ઝંડા સાથે 'સ્ટે સ્ટ્રોંગ ઈન્ડિયા' લખીને ભારતને મજબૂતાઈથી કોરોનાનો સામનો કરવાનો મેસેજ આપ્યો હતો.

કુવૈતે પણ ભારતને મેડિકલ પુરવઠાની મદદ કરી છે. તો કતારના અમીર તમીમ બિન હમાદે વડાપ્રધાન મોદી સાથે ફોન પર વાત કરીને તમામ સંભવિત સહયોગ આપવાનું આશ્વાસન આપ્યું હતું. કતાર એરવેઝે કોઈ ચાર્જ વગર અન્ય દેશોમાંથી ભારતને મેડિકલ સપ્લાય પહોંચાડવાની જાહેરાત કરી છે.

બહરીન પણ ભારતની મદદ માટે આગળ આવ્યું છે. બહરીને ભારતને મેડિકલ ઉપકરણો અને ઓક્સિજન મોકલવાનો નિર્ણય લીધો છે. કુવૈતે ૧૮૫ મેટ્રિક ટન લિક્વિડ મેડિકલ ઓક્સિજન ભારત મોકલી આપ્યો છે તથા ૧,૦૦૦ ઓક્સિજન સિલિન્ડર અને ઓક્સિજન કન્સનટ્રેટર મોકલવાની જાહેરાત કરી છે.

# વિદિશામાં કોરોના વિસ્ફોટ: કુંભથી આવેલા ૬૧ પૈકીના ૬૦ શ્રદ્ધાળુઓને કોરોના

ન્યુ દિલ્હી,તા.૩૦
હરિદ્વાર કુંભ બાદ ઠેકઠેકાણે કોરોના વિસ્ફોટ શરૂ થઈ ગયો છે. મધ્ય પ્રદેશના વિદિશામાં કુંભથી પરત આવેલા ૮૩ શ્રદ્ધાળુઓમાંથી ૬૦નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે જ્યારે ૨૨ શ્રદ્ધાળુઓ અંગે કોઈ જાણકારી નથી મળી રહી. આ સમગ્ર બનાવ વિદિશા જિલ્લા મુખ્યાલયથી ૪૦ કિમી દૂર આવેલા ગ્યારસપુરનો છે.

વિદિશા જિલ્લા પ્રશાસનના અહેવાલ પ્રમાણે ૮૩ તીર્થયાત્રીઓ ૩ અલગ-અલગ બસોમાં બેસીને ૧૧થી ૧૫ એપ્રિલ દરમિયાન હરિદ્વાર જવા રવાના થયા હતા. કુંભ ગયેલા તમામ લોકોની ઓળખ મેળવીને તેમનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્વાસ્થ્ય વિભાગના અહેવાલ પ્રમાણે હરિદ્વાર ગયેલા ૮૩ શ્રદ્ધાળુ પૈકી માત્ર ૬૧ની જ જાણકારી મળી શકી છે અને તેમાંથી ૬૦ કોરોના સંક્રમિત આવ્યા છે.

કુંભથી પરત આવેલા શ્રદ્ધાળુઓમાં કોરોના પોઝિટિવ આવેલા ૬૦ પૈકીના ૫ની સ્થિતિ ખૂબ જ ગંભીર છે અને તેમને કોવિડ સેન્ટરમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. એક અધિકારીના કહેવા પ્રમાણે તેઓ કુંભથી આવનારાઓ પર નજર રાખી રહ્યા છે કારણ કે જો તેમને સમયસર અલગ નહીં કરવામાં આવે તો તેઓ સુપર સ્પ્રેડર બનશે તેવી આશંકા છે.

હરિદ્વાર કુંભ દરમિયાન અનેક લોકો કોરોના સંક્રમિત થયા હતા. આ દરમિયાન અનેક સાધુ સંતોના મોત પણ થયા હતા. જેમ જેમ શ્રદ્ધાળુઓ કુંભથી પોતાના ઘરે પરત આવશે તેમ કોરોના સંક્રમણનું જોખમ વધતું જશે તેવો ડર છે. આ કારણે તમામ પ્રદેશની સરકારો એલર્ટ થઈ ગઈ છે અને હરિદ્વારથી આવનારા લોકોનો ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે.

# ૧મે થી શરૂ થતા રસીકરણ પહેલા પાલનપુર ખાતે રકતદાન કેમ્પ યોજાયો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત
૧ મે થી ૧૮ થી ૪૫ વર્ષના યુવાનો માટે કોરોનાની રસીકરણ ચાલુ થવા જઈ રહ્યુ છે કોરોનાની રસી લીધા બાદ ૨૮ દિવસ સુધી રકતદાન કરી શકાતું નથી ત્યારે વધુમાં વધુ યુવાનોને રકતદાન માટે ખાસ અપીલ કરવામાં આવે છે કે કોરોના ની રસી લેતા પહેલા રકતદાન અવશ્ય કરીએ અને માનવ જીવન બચાવીએ ના ભગીરથ કાર્ય માટે થઈ તારીખ ૩૦/૦૪/૨૦૨૧ ના સવારે ૮:૦૦ થી ૫:૦૦ કલાકે ગાયત્રી બ્લડ બેક્ર,ડોક્ટર હાઉસ,પાલનપુર ખાતે રક્તદાન કેમ્પ યોજાયો હતો જેમાં સાગરભાઈ જાની,રવિ સોની,ધવલસિંહ રાઠોડ, એમ.કે.ઝાલા ,કિરીટ સિંહ રાજપૂત મુકેશભાઈ દરજી, ભરતજી કલુજી, ગજેન્દ્રદાન, સંતોષ ઓઝા,હિતેશભાઈ ચૌધરી કુશકલ વગેરે મિત્રો મળી ૧૦૪ જેટલી બોતલો એકઠી કરી માનવ જીવન બચાવા નું ઉમદા કાર્ય યુવાન મિત્રો દ્વારા કરવા માં આવ્યો પાલનપુર શહેર હોય કે બનાસકાંઠા જિલ્લા માં આવી વિકટ પરિસ્થિતિમાં આ યુવાન મિત્રો માટે હરહંમેશ માટે લોક સેવા માં પડખે ઉભા હોય છે તેમજ આ યુવા ટીમે રક્તદાતા શ્રી નો પણ આભાર માન્યો હતો.




કોરોના સેવા યજ્ઞ અંતર્ગત ગુજરાતના કોરોના વોરીયર્સ માટે રેશનીંગ કીટ વાહનોને રાજભવન, ગાંધીનગર ખાતેથી ફ્લેગ ઓફ કરાવતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી. આ પ્રસંગે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિ તેમજ સેવાભાવી સંસ્થાઓ યુવા અનસ્ટોપેબલ, લાડુમા ધમેચા ચેરીટેબલ ટ્રસ્ટ, ONGC, HDFC, JiTO ,હિત વિવિધ સંસ્થાઓના અગ્રણી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૧ લી મેં થી નર્મદા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં "મારૂં ગામ કોરોના મુક્ત ગામ" રાજય વ્યાપી અભિયાનનો થનારો પ્રારંભ

રાજપીપલા,તા૩૦
નર્મદા સહિત ગુજરાત માં કોરોના એ જે રીતે હાહાકાર મચાવ્યો છે અને જે રીતે મોતના આંકડા વધી રહ્યા છે એનાથી સરકાર અને તંત્ર ફફડી ઉઠ્યું છે. ખાસ કરીને ગામડાઓમાં કોરોના વ્યાપક પ્રમાણ માં વધતો જતો હોઈ હવે સરકાર જાગી છે.

રાજ્ય સરકાર દ્વારા તા.૧ લી મે થી તા.૧૫ મી મે , ૨૦૨૧ દરમિયાન સમગ્ર ગુજરાતમાં "મારૂં ગામ કોરોના મુક્ત ગામ" ના શરૂં થનારા રાજ્ય વ્યાપી અભિયાન શરૂ કરવા જઈ રહી છે

અંતર્ગત તા.૧ લી મે,૨૦૨૧ ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ગુજરાતના રાજ્યપાલ મુખ્યમંત્રી અને રાજ્યકક્ષાના પંચાયત મંત્રીઓ ગાંધીનગર ખાતેથી ઉદ્દબોધન કરશે. આ કાર્યક્રમ બાઈસેગ, ઈ-ગ્રામ પવન ચેનલ તથા જીસ્વાનના માધ્યમથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે જેમાં "મારૂં ગામ કોરોના મુક્ત ગામ" ના આ રાજ્ય વ્યાપી અભિયાનના ભાગરૂપે નર્મદા જિલ્લામાં સવારે ૧૦ કલાકે રાજપીપલા કલેક્ટર કચેરી ખાતે યોજાનારાઆ કાર્યક્રમમાં ગુજરાતના ગ્રામગૃહ નિર્માણ, ગ્રામવિકાસ, પશુપાલન અને ગૌસંવર્ધન વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તેમજ નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડ ખાસ ઉપસ્થિત રહેવાના છે.

આ પ્રસંગે જિલ્લા પ્રભારી સચિવ, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપ પ્રમુખ અને જિલ્લા પંચાયતની સમિતિના અધ્યક્ષ પણ ઉપસ્થિત રહી ઉક્ત કાર્યક્રમમાં ભાગ લેશે.

નર્મદા જિલ્લા પંચાયત કચેરી ખાતે યોજાનારા આ કાર્યક્રમયોજાશે. ત્યારબાદ જિલ્લાના પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડ રાજપીપલા ખાતે સવારે ૧૧:૦૦ કલાકે જિલ્લાના અધિકારીઓ સાથે તેમજ બપોરે ૨:૦૦ કલાકે જિલ્લાના ચૂંટાયેલા પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે યોજાનારી બેઠકમાં હાજરી આપશે. ત્યારબાદ મંત્રિ અનુકૂળતાએ ધાનપુર જવા રવાના થશે. આ બેઠકમાં નર્મદા જિલ્લાની કોરોનાની ગંભીર સ્થિતિ અંગેની મહત્વની ચર્ચા થશે

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

### વેક્સિન કેમ જરૂરી છે...કોરોનાગ્રસ્ત થયેલ તબીબ કરતા વધું સારી રીતે કોણ કહી શકશે

# સિવિલ હોસ્પિટલના તબીબ ડો. યતીન દરજી કોરોનાથી સંક્રમિત થયા, વેક્સિનના બંને ડોઝના કારણે ઝડપી સાજા થયા



કોરોનાની બીજી લહેરમાં સંક્રમણ અતિ ઘાતક સાબિત થઈ રહ્યું છે. વાયરસની તીવ્રતા શરીરમાં વધી છે અને ખૂબ જ ટૂંકા ગાળામાં ફેફસા સુધી પહોંચે છે. સમગ્ર દેશમાં રસીકરણના મહાઅભિયાનનો પ્રારંભ થયો અને કરોડો લોકોએ કોરોનાની રસી લઇ પોતાને સુરક્ષિત કર્યા. રસીકરણ કેટલા હદે માનવશરીરને રક્ષણ આપે છે તેનું જીવંત ઉદાહરણ અમદાવાદ સિવિલ હોસ્પિટલના કોરોના સંક્રમિત તબીબ ડૉ. યતીન દરજી એ પુરુ પાડ્યું.

કોરોનામા સતત ફરજ બજાવ્યા બાદ ૧૨ મી ફેબ્રુઆરીએ કોરોના રસીકરણનો પ્રથમ ડોઝ અને ૧૩ મી માર્ચે કોરોના રસીકરણનો બીજો ડોઝ લીધો હતો. ત્યારબાદ પણ પોતોની ફરજ પર કર્તવ્યનિષ્ઠ એવા આ તબીબે દિવસ રાત કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવારમાં કાર્યરત રહ્યા. ગત અઠવાડિયે કોરોનાથી સંક્રમિત થયા.પરંતુ કોરોના વેક્સિનના બંને ડોઝ લીધેલ હોવાના કારણે વાયરસના આ ઘાતક સ્વરૂપે તેમના ફેફસાના ફક્ત ૨૦ થી ૨૫ ટકા વિસ્તારને જ નુકશાન પહોંચાડ્યું. કોરોનાના લક્ષણો પણ સર્વસામાન્ય રહ્યા.

કોરોનાની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયા. તબીબી સારવારના કારણે અને વેક્સિનના ડોઝ લીધેલ હોવાના કારણે શરીરમાં ઉત્પન્ન થયેલ એન્ટીબોડીઝે શરીરમાં પ્રવેશેલા વાયરસ સામે પ્રતિકાર કર્યો , લડત આપી અને તેઓ ખૂબ જ ઝડપી સાજા થયા. તેઓ કોરોના વોર્ડમાં હાલ સારવાર મેળવી રહ્યા છે અને ૧લી મે ના રોજ સાજા થઇને ઘરે પરત ફરશે... કોરોના વોર્ડમાંથી લોકોને અપીલ કરતા કહે છે કે, મેં કોરોનાની રસી લીધી હતી તેના કારણે જ કોરોનાથી સંક્રમિત થયા બાદ પણ ખૂબ જ ઝડપી સાજો થઇ શક્યો છું. દેશના તમામ નાગરિકોએ કોરોનાની રસી અચૂકપણે લઇને સંક્રમણથી સુરક્ષિત થવું જોઇએ.

ડૉ. યતીન દરજીનું માનવું છે કે, કોરોના રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે. રસી લીધા બાદ પણ સરકારી દિશાનિર્દેશોના પાલન કરવા જરૂરી છે.રસી લીધા બાદ સંક્રમણ સંબંધિત વિસ્તારમાં જતા સંક્રમણ લાગવાનો ભય રહે છે. બાકીના કિસ્સામાં સામાન્ય સંક્રમણથી રસીના કારણે જરૂરથી બચી શકાય છે. તેઓ દ્રઢ પણે કહે છે કે, કોરોના રસી કરણ કરાવ્યા સિવાયના દર્દીઓ જ્યારે સંક્રમિત થયા બાદ સારવાર અર્થે આવે છે તેના કરતાં વેક્સિન લીધા બાદ સંક્રમિત થયેલ દર્દીમાં કોરોનાના લક્ષણો સામાન્ય હોય છે. કોરોના ડેઝીગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલના નોડલ ઓફિસર ડૉ. કાર્તિકેય પરમાર કહે છે કે, છેલ્લા એક વર્ષથી લગાતાર અમેં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર કરી રહ્યાં છીએ. અમારી ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ દાખલ થાય ત્યારે વેક્સિનેટેડ છે કે નહીં તે ઓ.પી.ડી.માં નોંધવામાં આવે છે. આ તમામ ડેટા પરથી જોવા મળ્યું છે કે કોરોનાની રસી લીધા બાદ સંક્રમિત થયેલ દર્દીઓમાં સંક્રમણની ગંભીરતા મહદઅંશે ગંભીર જોવા મળી નથી.

ભારત સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી વેક્સિનના ડોઝ અચૂકપણે લઇને કોરોના સામેનું સુરક્ષા કવચ ધારણ કરવું જોઇએ. સિવિલ હોસ્પિટલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી કહે છે કે, અમારી કોરોના ડેઝીગન્ટેડેટ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં કોરોના રસીકરણ કરાવ્યા બાદ આવતા દર્દીઓમાં કોરોનાવાયરસની ગંભીરતાનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે.જેમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ ખૂબ જ ઝડપથી સાજા થઇને ઘરે પરત થયા છે. કોરોના રસીકરણ જરૂરથી આવા દર્દીઓના જીવ બચાવવા અને વાયરસ સામે રક્ષણ આપવા કારગર સાબિત થયું છે.

અત્રે નોધવું જરૂરી છે કે, ૧ લી ૨૦૨૧ થી રાજ્યભરમાં ૧૮ વર્ષથી વધુ વયના યુવાઓ-નાગરિકો માટે રાજ્યભરમાં કોરોના રસીકરણના મહાઅભિયાનનો પ્રારંભ થનાર છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા પણ તમામ નાગરિકોને આ રસીકરણ અભિયાનમાં જોડાઇને રસીકરણ કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે. એવામાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમાં કોરોના રસીકરણ જીવનરક્ષક બની કોરોના સામેની લડતમાં વિજય પ્રાપ્ત કરવા અસરકારક સાબિત થશે.

અમિતસિંહ ચૌહાણ

### ગરમાળાના ઝાડ નીચે બેસવાથી કયારેય લૂ લાગતી નથી.

# નર્મદામાં ગરમીના ફૂલ તરીકે ઓળખાતા ગરમાળો પૂરબહારમાં ખીલ્યા, ગરમાળાનુ આયુર્વેદમા વિશેષ મહત્વ



રાજપીપળ તા૩૦

હાલ નર્મદામાં ૪૦ ડીગ્રી તાપમાન ગરમી પડી રહી છે, જેમા વધુ પડતી ગરમીને કારણેકારણે ફૂલઝાડ કરમાઈ જાય છે કાંતો સુકાઇ જાય છે, જેમા નજાકત વાળા નાજૂક ફૂલો તો ગરમી સહન કરી શકતા નથી. પરંતુ કુદરતનો કરિશ્માક્કો કમાલ પણ ભર ઉનાળામાં ગરમાળો અને ગુલમહોરના ફૂલો પૂરબહારમાં ખીલી ઉઠતા હોય છે, હાલ નર્મદામાં ગરમીના ફૂલ તરીકે ઓળખાતા ગરમાળો પૂરબહારમાં ઠેર ઠેર ખીલી ઉઠયા છે. સામાન્ય રીતે અન્ય ફૂલી ગરમીમાં કરમાઇ જાય છે જ્યારે એક માત્ર ગરમાળો જેમ ગરમી પડે તેમ ગરમાળો ખીલે છે.પીળાચટટાકફૂલોના લટકતા ગરમાળાના ફૂલોના ઝૂમખાંનુ અનેરુ સૌદર્ય આંખને ઠંડક આપે છે. એપ્રીલ અને મે માસમાં અસહય ગરમીની સીઝનમાં ગરમાળાના ફૂલોપૂરબહારમાં ખીલી ઉઠે છે. ધોમધખતા તાપમાં વટેમાર્ગુઓરસ્તેથી પસાર થતા હોય ત્યારે પીળા ચટટક ફૂલોનું અદભુત સૌદર્ય જોઇને નજર ઠરી જાય છે.અને બે ઘડી થંભી જવાનું મન થાય છે,મન ભરીને નિહાળવાનું મન થાય એવા આંખોને ઠંડક આપતા ગરમાળો ઉનાળુ ફૂલ તરીકે જાણીતું છે. એમ કહેવાય છે કે આ ગરમાળાના ઝાડ નીચે બેસવાથી કયારેય લૂ લાગતી નથી.

ગરમાળાનુ વૈજ્ઞાનિક નામ કેસીયા ફીસ્યુલા છે.તેસી ગરમાળા વિશે ઘણી પ્રચલીત માન્તા ઓ છે.જેમકે આફુલ વરસાદની આગાહી પણ કરે છે એમ કહેવાય છે કે ગરમાળાના વૃક્ષ પર સંપૂર્ણ ફુવો બેસી જાય તે દિવસથી વરસાદના આગમનને શરુઆત થઈ જાય છે,જેટલા વધારે ફૂલ બેસે તેટલો વધારે વરસાદ ની શક્યતારહે છે.ગરમાળાનાવ;ક્ષની આજુબાજુ કીડીનો રાફડો પણ જોવા મળે છે, તે વૃક્ષ નીચેની જમીનમાં ૧૦૦ મીટરેજ પાણી આવી શકે છે.જે વૃક્ષ નીચે માત્ર પીળા ફૂલો ઉગ્યા હોય તે જમીન નીચે ઓછા પાણીનો સ્રોત મળે છે, જ્યારે સફેદ અને પીળા રંગના ફૂલો હોય તો પાણીનો જથ્થો વધારે હોય છે.

ફૂલોની સાથે સીંગો પણ લટકતી હોય છે.તે પણ આયુર્વેદીક ઔષધિનુ મહત્વ ધરાવે છે. તેમાથી ચીકણો સ્રાવ ઝરે છે, તેને ગરમાળાનો ગોળ કહે છે. રાત્રે આ ગોળને પાણીમાપલાળી, સવારે તે પાણી પીવાથી કબજીયાત,પેટના રોગોમાં રાહત રહે છે. હાલ નર્મદામાં ગરમાળાનુ પીળચટાક સૌદર્ય સોળે કળાએ ખીલી ઉઠયુ છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

### સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટને લઈને

# દેવલીયા થી રાજપીપળા સુધી ફોરલેન રસ્તો મંજૂર થયો છતાં ૨૦ - ૨૫ ગામના ખેડૂતોને વળતર ચૂકવાયું નથી

રાજપીપળા,તા.૩૦

સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટને લઈને દેવલીયા થી રાજપીપળા સુધી ફોરલેન રસ્તો મંજૂર થયો છતાં ૨૦ - ૨૫ ગામના ખેડૂતોને વળતર ચૂકવાયું ન હોવાની ખેડૂતોએ આક્ષેપ કર્યો છે.બીજી તરફ ભાણાદ્રા ગામ નજીક બની રહેલા ઓવારા બ્રીજનું કામ અટકાવી દેતા ખેડૂતોએ જણાવ્યું છે કે જ્યાં સુધી વળતર નહી મળે ત્યાં સુધી અમે બ્રિજનું કામ ચાલુ થવા નહીં દઈએ.સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પ્રવાસીઓને આવવામાં અગવડ ન પડે એ માટે સરકારે ફોર લેન રસ્તાઓ તો બનાવી દીધા છે.પણ રસ્તા બનાવવા ખેડૂતોએ આપેલી જમીનના વળતર માટે ખેડૂતોએ હાલ વલખા મારવાનો સમય આવ્યો છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટને લઈને દેવલિયાથી રાજપીપળા સુધી ફોર લેન રસ્તો મંજુર થયો હતો. ૨૦-૨૫ ગામના ખેડૂતોને વળતર ચુકવાયું નથી.

સ્ટેટ હાઈવે દ્વારા દેવલિયાથી રાજપીપળા સુધી રોડ બનાવવા જમીન સંપાદિત પણ થઈ ગઈ, એવામાં દેવલિયાથી રાજપીપળા સુધીનો રોડ નેશનલ હાઈવે જાહેર થયો દરમિયાન સમય જતાં રોડની કામગીરી પૂર્ણ પણ થઈ ગઈ તેમ છતાં સ્ટેટ હાઈવે દ્વારા કરાયેલ જુના સંપાદનનું સરકારે ૨૦-૨૫ ગામના ખેડૂતોને વળતર ચુકવ્યું નથી આ તમામની વચ્ચે ઉગ્ર બનેલા ખેડૂતો (હારસીગ ફાર્મર ઈન એસઓયુ )એ ભાણન્દ્રા ગામ નજીક બની રહેલા ઓવર બ્રિજનું કામ પણ અટકાવ્યું જે કામ હાલમાં પણ બંધ હાલતમાં છે.ભાણન્દ્રા વિસ્તરના ખેડૂતો તો એવો આક્ષેપ કરી રહ્યા છે.કે સરકારે અમારી પાસેથી જોર જબરજસ્તી જમીન છીનવી લઈ ઓવર બ્રિજનું કામ શરૂ કર્યું છે.જ્યાં સુધી અમને વળતર નહિ મળે ત્યાં સુધી અમે બ્રિજનું કામ ચાલુ થવા નહિ દઈએ.વાવડી ગામના ખેડૂત દેવાંગ પટેલે જણાવ્યું હતું કે જ્યારે રોડ મંજુર થયો ત્યારે એજન્સીએ વાવડી-વડીયા ગામની જમીનના ઉભા પાકની નુકશાનીનો સર્વે પણ કર્યો હતો, અમારી જમીનોનું નવું સંપાદન પણ થઈ ગયું છે.અમે ઉભા તૈયાર પાક કાપી જમીન આપી છે, રોડ પણ તૈયાર થઈ ગયો તે છતાં વળતર માટે અમારે કચેરીઓના ધક્કા ખાવાનો વારો આવ્યો છે.મારી જેવા તો ૨૦ ખેડૂતો છે જેમની કરોડો રૂપિયાની જમીન સરકારે લઈ લીધી પણ વળતર નથી મળ્યું. નેશનલ હાઈવે ભરૂચ ડિવિઝનના કાર્યપાલક ઈજનેર હિતેશ સોલિયાએ જણાવ્યું હતું કે વાવડી-વડીયા ગામનું એવોર્ડનું કામ થઈ ગયા પછી એમને વળતર મળશે, જ્યારે એ સિવાયના ગામોનું એવોર્ડનું કામ થઈ ગયું છે ટૂંક સમયમાં જ એમને વળતર મળી જશે.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા


# માણાવદર શહેરમાં વિનામૂલ્યે એન.૯૫ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું


માણાવદર પંથકમાં વધતા જતા કોરોના કેસો ચિંતાનો વિષય બનેલ છે ત્યારે માણાવદર શહેરના ભાગ્યોદય જિનિંગ વાળા ગોરધનભાઈ ગરાળા દ્વારા શહેરમાં વિનામૂલ્યે ૫૦૦૦ એન.૯૫ માસ્કનું વિતરણ કર્યું હતું હાલ ઘણા લોકો પાસે માસ્ક જ નથી તેમજ માસ્ક ન પહેરવાં ને કારણે રૂપિયા ૧૦૦૦નો દંડ ભરવો પડે છે ત્યારે કોરોનાના ઘાતક રોગથી બચવા અને રોગનો ફેલાવો અટકાવવા ના પ્રયાસો કર્યા છે આ તકે ગોરધનભાઈ ગરાળાએ વ્યક્તિગત માસ્ક વિતરણ કરી માસ્ક પહેરાવ્યા અને માસ્ક નહીં પહેરેલ હોય તો પોલીસ દંડ કરશે તેવી સમજણ લોકોને આપી હતી ગોરધનભાઈ ગરાળાએ માસ્ક વિતરણ સેવા દરમિયાન લોકોને સેનીટાઇઝરનો ઉપયોગ કરવા, સોશિયલ distance જાળવવા, વધુ સંખ્યામાં લોકોને એકત્રિત ન કરવા, રોગને ફેલાતો અટકાવવા વગેરે બાબતે અનુરોધ કરાયો હતો

તસવીર અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

### ૧ મેં, ગુજરાત સ્થાપના દિવસ

# બૃહદ મુંબઈ માંથી ગુજરાત અને મહારાષ્ટ્રની અલગ રાજય તરીકેની સ્થાપના




૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની સ્થાપના કરવામાં આવી, આ જ દિવસે મહારાષ્ટ્રની પણ સ્થાપના થઈ હતી. વર્ષ ૧૯૩૭માં કરાંચી ખાતે યોજાયેલી એક સભા દરમિયાન ×મહાગુજરાત'' નો વિચાર કનૈયાલાલ મુનશીએ દ્વારા રજૂ કરાયો હતો. વર્ષ ૧૯૫૬માં સ્ટેટ્સ રીઓર્ગેનાઇઝેશન એક્ટ દ્વારા રાજયોની સીમા નક્કી કરવામાં આવી હતી તે સમયે એક બોમ્બે રાજય હતું, જેમાં ગુજરાતી, કચ્છી, મરાઠી અને કોંકણી ભાષા બોલનારા લોકો વસતા હતા ત્યારે ગુજરાતી અને કચ્છી બોલનારા લોકોનું એક અલગ રાજય હોય તેવી માંગ સાથે, મહાગુજરાત આંદોલન થયું. અમદાવાદ ખાતે થયેલા આ આંદોલનમાં અમુક વિદ્યાર્થીઓએ પોતાનો જીવ પણ ગુમાવ્યો. આંદોલનમાં શહીદ થયેલા વિધાર્થીઓની સ્મૃતિમાં લાલ દરવાજા પાસે શહીદ સ્મારક બનાવવામાં આવ્યું. ઈન્દુલાલ યાજ્ઞિક મહાગુજરાત આંદોલનને સંભાળતા હતા. અંતે પ્રેસિડેન્ટ રાજેન્દ્ર પ્રસાદ, સર્વપલ્લી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરૂએ ગુજરાત અને મહારાષ્ટ્ર વેથી આ બે અલગ રાજય છે, તેમ ઘોષિત કરવા સંમત થયા અને ૧લી મે ના રોજ ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજય આ રીતે સ્થપાયા. ગુજરાત રાજયની સ્થાપના મે ૧, ૧૯૬૦ના રોજ બૃહદ મુંબઇ રાજયમાંથી જયાં ગુજરાતી બોલાતી હોય તેવા વિસ્તારો અલગ પાડીને કરવામાં આવી હતી. આ રાજય સિંધુ ખીણ સંસ્કૃતિના પુરાતન અવશેષની પ્રમુખ જગ્યાઓ ધરાવે છે, જેમ કે લોથલ અને ધોળાવીરા. લોથલ દુનિયાનું સૌ પ્રથમ બંદર હતું એવું માનવામાં આવે છે. ૧ મે એ માત્ર ગુજરાતનો જ નહીં મહારાષ્ટ્રનો પણ સ્થાપનાદિવસ છે. ત્યારે મહારાષ્ટ્ર અને ગુજરાતની જોડતી સૌથી મોટી કડી કઈ? અથવા એમ કહો કે મહારાષ્ટ્ર અને ગુજરાતને અલગ કરતી સૌથી મોટી બાબત કઈ? એકબીજાના વિરોધી આ બન્ને સવાલનો એક સમાન જવાબ છે, મુંબઈ. મુંબઈમાં ભલે મરાઠીઓની સંખ્યા વધુ હોય, પણ આ શહેરમાં ગુજરાતીઓનો હંમેશાંથી આગવો પ્રભાવ રહ્યો છે. મહારાષ્ટ્ર અને ગુજરાત જ્યારે અલગ થયાં ત્યારે પણ મુંબઈનું 'આર્થિક નિયંત્રણ' ગુજરાતીઓના જ હાથમાં હતું. સમગ્ર ગુજરાતમાં ગુજરાત સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. બંને રાજ્યો વચ્ચે દેશમાં ફક્ત નવાપુર રેલ્વે સ્ટેશન એક એવી જગ્યા છે જયાં ગુજરાત અને મહારાષ્ટ્રની હદ જોવા મળે છે.

- મિત્તલ ખેતાણી

# ફળોના વેપારીઓની બેઠક બાદ થરાદ મામતદારશ્રીએ ફળોના ભાવ મંજુર કર્યા



જયેશ મકવાણા

કોરોના વાયરસ કોવિડ-૧૯ની બીજી લહેર સામે સમગ્ર દેશ સહિત રાજ્ય લડી રહ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં આ સંક્રમણને અટકાવવા વહીવટી તંત્ર જરૂરી તમામ નિર્ણયો લઈ યુધ્ધના ધોરણે કામ થઈ રહ્યું છે. નોવેલ કોરોના કોવિડ-૧૯ વાયારસ બચવા શરીરની હર્ડ હ્યુમિન્ટી પાવર તેમજ માનવ દેહને જરૂરી પોષક તત્વો હોવા જરૂરી હોય છે અને જેના માટે ફળો (ફ્રૂટ) મહત્વના હોય છે.

જે અનુલક્ષી બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ફળોના જથ્થાબંધ તથા છુટક વેપારીઓની સાથે ઈન્સીડન્ટ કમાન્ડર અને મામતદારશ્રી થરાદ દ્વારા બેઠક બોલાવી તથા ફળો (ફ્રૂટ) વેપાર સ્થળની મુલાકાત લઈ વેપારીઓ સાથે ચર્ચા કરી ફળોના છુટક ભાવો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં પ્રતિ કિ. લો પ્રમાણે ભાવ આ મુજબ ભાવ છે, સંતરાં(નારંગી) ૧૬૦ થી ૧૭૦ રૂપિયા, મોસંબી ૧૪૦ થી ૧૫૦ રૂપિયા, સફરજન ૨૫૦મીડીયમ ક્વોલીટી/૩૦૦સારી ક્વોલીટી, લીલા નારિયેળ-એક નંગના ૬૦ થી ૭૦ રૂપિયા, માલ્ટા ૧૬૦ થી ૧૭૦ રૂપિયા, પાઈનેપલ ૭૦ રૂપિયા, ચીકુ ૪૦ થી ૫૦ રૂપિયા, બદામ કેરી ૬૦ રૂપિયા. આમ આ મુજબના ભાવ સર્વોનુમતે નક્કી કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ફળોના વેપારીઓને તેમના ફળના ધંધા સ્થળે ભાવનું બોર્ડ રાખવું પડશે તેમજ નિયત કરાયેલ ભાવ કરતાં કોઈ વેપારી દ્વારા વધુ ભાવ લેવામાં આવશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં જથ્થાબંધ બજારમાં ઘટાડો થાય ત્યારે તે મુજબ ફળો નીચા ભાવથી વિતરણ કરવાનું રહેશે. તેમ ઈન્સીડન્ટ કમાન્ડર અને મામતદારશ્રી થરાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

### બે વર્ષ થી કોરોનામાં માટલા ઉદ્યોગ મરણ પથારીએ

# રાજપીપળા, તિલક્વાડામા ભર ઉનાળે માટલા ઉદ્યોગને કોરોનાનુ લાગ્યું ગ્રહણ



રાજપીપળા,તા૨૯

હાલ ઉનાળાની શરુઆત થઈ છે ૪૦થી ૪૧ ડીગ્રી તાપમાનનો પારો ઉચે જઈ રહયો છે. ત્યારે ઉનાળામાંફીજને ટક્કર મારતા માટીના માટલાની માંગ વધતી હોય છે, એ માટે રાજપીપળા, તિલકવાડાના પ્રજાપતિ કારીગર ભાઈઓને તેમના માટલા ઉદ્યોગનેમાટલાનું ગ્રહણ લાગ્યું છે. ગયા વર્ષે પણ કોરોનામાં માટલા ઉદ્યોગને માર પડ્યો હતો. બીજા વર્ષે પણ કોરોનાનું ગ્રહણ ચાલુ રહ્યું છે. કારીગર ભાઈઓએ બે મહીના અગાઉથી માટલા બનાવી વેચાણ માટે તૈયાર રાખ્યા હતા. માર્ચ એપ્રીલ માં માટલાનું વેચાણથઈ જશે એવી આશાએ માટલા બનાવી વેચાણ માટે તૈયાર રાખ્યા હતા ,પણ કોરોનાના સંકટમા લોકડાઉન થઈ જતાલોકો હવે ઘરની બહાર નીકળતા નહોવાથી માટલાનુ વેચાણ સાવ ઘટી ગયું છે, જેમાં રાજપીપળા તિલકવાડામાં ભર ઉનાળે માટલા ઉધ્યોગને કોરીનાનુ લાગ્યું ગ્રહણ લાગ્યું છે.માટલા હાલ ધૂળ ખાઈ રહ્યા છે. રોજના ૫૦થી વધુ માટલાના વેચાણની સામે માંડ બેચાર માટલા વેચાતા હોવાથી પ્રજાપતિ પરિવાર હાલ લોડાઉનમા બેકારીના ખપ્પરમાં હોમાઈ રહયા છે. ત્યારે કોરોના સંકટમાં તંત્ર દ્વારા ગામમાં લારી દવારા ઘરે ઘરે માટલા વેચવાની પરવાનગી આપવાની માંગ ઉઠી છે.

તસવીર:જયોતિ જગતાપ.રાજપીપળા

### ૧૬ કોચને બદલે હવે છ કોચ સાથે ટ્રેન ચાલશે

# કેવડીયા અમદાવાદ જન શતાબ્દી સ્પેશિયલ ટ્રેનના મુસાફરોને અભાવને કારણે કોચ ઘટાડવામાં આવ્યા

રાજપીપળા,તા.૩૦

હાલ કોરોનાનો વધતા જતા કહેરને કારણે પ્રવાસીઓની સંખ્યા ઘટી ગઈ છે.ખાસ કરીને ટ્રેનમાં કોરોના સંક્રમણથી બચવા પ્રવાસીઓ પ્રવાસ કરવાનું ટાળી રહ્યા છે.જેને કારણે ટ્રેનો ખાલી દોડી રહી છે.ત્યારે રેલ્વે ટ્રેનમાં કોચ ઘટાડવાની જરૂર પડી છે.જેમાં અમદાવાદ કેવડીયા અમદાવાદ જનશતાબ્દી સ્પેશિયલ ટ્રેનના મુસાફરોને અભાવને કારણે ઘટાડવામાં આવ્યા છે. હવે ૧૬ કોચના બદલે હવે છ કોચ સાથે ચાલશે .

રેલવે સત્તાવાળાઓને જણાવ્યા અનુસાર ૩૦ એપ્રિલથી અમદાવાદ-કેવડિયા જનશતાબ્દી સ્પેશિયલ છ કોચ સાથે ચાલશે.પશ્ચિમ રેલ્વે દ્વારા ૩૦ એપ્રિલ ૨૦૨૧ થી ટ્રેન નંબર ૦૯૨૪૭/૦૯૨૪૮ અમદાવાદ-કેવડિયા-અમદાવાદ જનશતાબ્દી સ્પેશિયલ અને ૦૯૨૪૯/૦૯૨૫૦ અમદાવાદ- કેવડિયા-અમદાવાદ જનશતાબ્દી સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરોના અભાવને કારણે કોચ ઘટાડવામાં આવ્યા છે. ૩૦ એપ્રિલથી આ ટ્રેનોમાં એક એસી ચેર કાર, એક વિસ્ટાડોમ,એક એક્ઝિક્યુટિવ ચેર કાર તથા એક સેકંડ સીટિંગ કોચ અને પાવર કાર તથા લગેજ વાન સહિત કુલ ૦૬ કોચ રહેશે. આ અગાઉ આ ટ્રેન ૧૬ કોચ સાથે ચલાવવામાં આવતી હતી.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.